# <u>પત્રક – ૧</u>

## “લોક દરબાર” અંતર્ગત મળેલ અરજીઓ

લોક દરબાર તારીખ : ૧૯/૦૮/૨૦૧૫

સ્થળ : શ્રી મેઘજી પેથરાજ શાહ કોમ્યુનીટી હોલ, જડેશ્વર રોડ, આહીર સમાજની સામે, મુ.જામ-ખંભાળીયા, જી.દેવભૂમિ દ્વારકા

સમય : સવારે ૧૦:૩૦ કલાકે

જિલ્લાનું નામ : જામ-ખંભાળીયા

તા. ૧૯/૦૮/૨૦૧૫ ના રોજ જામ ખંભાળીયા મૂકામે યોજાયેલ જિલ્લા કક્ષાના લોક દરબારની વિગતો :

| પ્રગતિ અહેવાલ | |
|---|---|
| રજુ થયેલ પ્રશ્નોની સંખ્યા | ૭૬ |
| નિતિ વિષયક પ્રશ્નોની સંખ્યા | ૦૧ |
| નિકાલ થયેલ પ્રશ્નોની સંખ્યા | ૭૪ |
| પ્રગતિ હેઠળ રહેલ પ્રશ્નોની સંખ્યા | ૦૧ |

| પ્રશ્ન નં. | રજુઆત કર્તાનું નામ અને સરનામું | પ્રશ્ન / રજુઆતની વિગત | જવાબ / નિર્ણયની વિગત | નિરાકરણ કરનારા અધિકારીશ્રીના નામ અને મોબાઇલ નંબર | પેટા વિભાગીય કચેરી | વિભાગીય કચેરી | વર્તુળ કચેરી | નિકાલની સ્થિતી ( નિકાલ / પ્રગતિ હેઠળ / નીતી વિષયક ) | જો પ્રગતિ હેઠળ હોય તો નિકાલ ની સમયમર્યાદા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | શ્રી રામનગર ગ્રામ પંચાયત, મુ.રામનગર, તા.ખંભાળીયા, જી.દે.ભુ.દ્વારકા | રામનગર ખેતીવાડી વિસ્તારમાં એકથી વધારે ફીડરનો પાવર હોય, સદર વિસ્તારને એક જ ફીડરનો પાવર આપવા અંગે | રામનગર હેઠળના ખેતીવાડી વિસ્તારને ૧૧ કે.વી. જુવાનગઢ તથા વિંઝલપર એજી ફીડરમાંથી પાવર મળે છે આ વિસ્તારોને શહેર પેટાવિભાગિય કચેરી હેઠળના ખેતીવાડી ફીડરમાં જોડવા માટેની દરખાસ્ત તૈયાર કરેલ છે. જે અનુસાર કુલ ૪૦ પોલમાંથી ૪૦ પોલ ઉભા થઇ ગયેલ છે અને કામગીરી પુર્ણ કરેલ છે. | શ્રી એસ વાય પઠાણ ૯૮૭૯૨૦૧૮૩૧ | શહેર, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૨ | શ્રી રામનગર ગ્રામ પંચાયત, મુ.રામનગર | રામનગર ખેતીવાડી સર્વે નંબરમા ઘર વપરાશ વિજ જોડાણ આપવા | કંપનીના પ્રવર્તમાન નિયામનુસાર ખેતીવાડી વિસ્તારમાં વસતાં લોકોને ઘરવપરાશના વિજજોડાણો આપવામાં આવે છે. તેમજ મંજુર થયેલ ખેતીવાડી ઘર વપરાશના ૩૬ અરજદારોને અંદાજપત્ર આપવામા આવેલ તેમાંથી કોઇ પણ અંદાજપત્ર ભરપાઇ થયેલ નથી. પરંતુ ૧૨ અરજદારોને પોતાનું ખેતીવાડી થ્રી ફેઇઝ કનેકશન હતું તે અરજદારોને મીટર આપી વિજ પુરવઠો ચાલુ કરી આપેલ છે. | શ્રી એસ વાય પઠાણ ૯૮૭૯૨૦૧૮૩૧ | શહેર, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | શ્રી લાખા પબા સઠીયા, મુ.સલાયા | અનિયમિત વીજ પુરવઠો મળવા બાબત. | ૧૧ કેવી સોડસલા ફીડરમાં કોન્ટ્રાકટર દ્વારા નાગનાથ ટેપીંગની સ્વીચથી પરોડીયા તરફ જતી ૧૧ કેવી લાઈનનું સમારકામ કોન્ટ્રાકટર દ્વારા ચાલુ છે તેમાં ૩૦ પોલ નવા ઉભા કરેલ છે તેમજ ૩૫ ગાળાનું રી-સ્ટ્રીગીંગ કામ પુર્ણ કરેલ છે. પરંતુ હાલમાં વરસાદ તેમજ ખેતીવાડીમાં પાણી પીવડાવવાનું કામ ચાલુ હોવાથી સમારકામ થઇ શકેલ નથી. વધુમાં કોન્ટ્રાકટરને માલસમાન પણ આપેલ છે, અને બાકી રહેતુ કામ પુર્ણ કરવામાં આવશે. તેમજ હાલમાં કોઇ પ્રશ્ન આ ફીડરમાં નથી. | શ્રી કે કે કગથરા ૯૯૦૯૯૩૪૫૧૫ | ગ્રામ્ય, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૪ | શ્રી ગોપાલ કાના પરમાર-બારાડી.બેરાજા તા.ખંભાળીયા, જી.દે.ભુ.દ્વારકા | વડત્રા પેટાવિભાગિય કચેરીના પત્ર નં. ૫090 તા:૦૭.૧૦.૨૦૧૪ થી આપવામાં આવેલ પાવર ચોરીનુ બીલ. | આપની રજૂઆત અંગે જણાવવાનુ કે તા:-૨૬.૦૯.૨૦૧૪ ના રોજ આપની વાડી એ આપની હાજરીમાં વિજ- ચેકીંગ સ્કોડ દ્વારા વિજ-ચેકીંગ ની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. સદર ચેકીંગ કાર્યવાહી દરમ્યાન આપની વાડી એ બીન અધિકૃત વિજ-વપરાશ માલુમ પડેલ જે થી સદર બાબતે ચેકીંગ શીટ નં:-૫૪૯૧૯ થી કાર્યવાહી કરેલ અને સદર બાબતે અરજદારને રૂ.૨૧૦૪૪/- નુ પુરવણી બીલ આપવામાં આવેલ. | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | શ્રી દેવરાજ ગોવિંદ ચોપડા-ઠાકર.શેરડી તા. ખંભાળીયા | ઠાકર શેરડી જયોતિગ્રામ ફીડરમાં દર બે-ત્રણ કલાકે પાવર બંધ થાય છે પાવર સતત ચાલુ રહેતો નથી. | ભાડથર સબસ્ટેશનમાંથી નીકળતાં ઠાકર શેરડી ફીડરમાંથી કુલ ૧૨ ગામોને વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. તાજેતરમાં ગત માસમાં વધારે પવન સાથે ના વરસાદ ના કારણે, સદર ફીડરમા વિજ-વિક્ષેપ ની સમસ્યા ઉભી થયેલ. જે વિજ-વિક્ષેપ કુદરતી કારણોસર હોય તથા સદર વિજ-વિક્ષેપ ને તવરીત દૂર કરવા માટે વિભાગીય કચેરી દ્વારા વધારાના લાઈન સ્ટાફની ટીમ તથા કોન્ટ્રાકટરની ટીમ ને ફાળવી વિજ પુરવઠો પુર્વવત કરવામાં આવેલ. હાલમાં તા. ૧/૯/૨૦૧૫ થી ટાવર લેડર ગાડી તથા ત્રણ લાઇન સ્ટાફ સાથે વધારાની વ્યવસ્થા ભાડથર ૬૬ કેવી ખાતે કરીને ત્યાંથી નીકળતાં ફીડરોમાં ફોલ્ટ ઝડપથી થઇ શકશે તેમજ પ્રશ્નનું નિરાકરણ થઇ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૬ | શ્રી દેવરાજ ગોવિંદ ચોપડા-ઠાકર.શેરડી તા. ખંભાળીયા | મોવાણ એજી ગ્રુપ ખુબ જ મોટો હોય તેની લાઈનમાં ગાળા મોટા હોય, વાયર ઢીલા અને નીચા હોય, આ ગ્રુપોમાં કયારે મેઈન્ટેનન્સ થયુ નથી. | ૧૧ કેવી મોવાણ એજી ફીડરમાં ગત માસમા ભારે પવન તથા વરસાદ ના કારણે કુલ ૧૪નંગ વિજ-પોલ પડી ગયેલ, તે બધા ક્ષતિગ્રસ્ત વિજ-પોલ ઉભા કરી નાખેલ. તેમજ સદર ફીડરમાં આવેલ લાંબા ગાળામાં વચ્ચે જરૂર જણાય ત્યાં ખેડુતોની સહમતિ લઈ કુલ ૨૨ નંગ નવા વિજ-પોલ ઉભા કરવામા આવેલ છે. તદુપરાંત આ ફીડરના સમારકામ માટેનો અલગ થી ઓર્ડર કોન્ટ્રાકટરને અપાયેલ છે અને તે મુજબ આ ફીડરનુ કુલ ૩૫ પોલ નવા ઉભા કરેલ છે ૪૦ ગાળાનું રી-સ્ટ્રીગીંગ કરેલ છે ૩ કીમી વાયર બદલેલ છે તથા ૨૦ ધાય સેટ ૫૦ અર્થિંગ લગાવીને સમારકામ પુર્ણ કરેલ છે | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | શ્રી દેવરાજ ગોવિંદ ચોપડા-ઠાકર.શેરડી તા. ખંભાળીયા | ફોન પર કમ્પ્લેઈન લખતાં નથી બરાબર જવાબ આપતાં નથી. ફરીયાદ લખાવતી વખતે ગ્રાહક નંબર માંગે છે. | વડત્રા પેટાવિભાગીય કચેરી નુ ફોલ્ટ સેન્ટર ૨૪ X ૭ કલાક ચાલુ કરાયેલ છે, જે લેન્ડ લાઇન ફોન નં. (૦૨૮૩૩) ૨૩૫૪૩૯ છે. વધુ મા ફરિયાદ લખાવતી વખતે ફરિયાદી દ્વારા ગ્રાહક નંબર આપવો જરૂરી નથી. અને ફરિયાદીને ફોન પર વિનમ્રતાથી માહિતીસભર સુયોગ્ય પ્રત્યુત્તર પાઠવવા અંગેની સુચના વડત્રા પેટાવિભાગના નાયબ ઇજનેર તથા તમામ સ્ટાફને આપવામાં આવેલ છે. હાલ કોઇ પ્રશ્ન નથી. | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૮ | શ્રી દેવરાજ અરજણ સોનગરા, તાલુકા પંચાયત સદસ્ય, શકિતનગર-૨, મુ. રામનગર | રામનગર ખેતીવાડી વિસ્તારમાં એકથી વધારે ફીડરનો પાવર હોય, અને બે અલગ અલગ કચેરીના ફીડર હોય, સદર વિસ્તારને એક જ ફીડરમાંથી પાવર આપવો | રામનગર ખેતીવાડી વિસ્તાર ખંભાળીયા શહેર પેટાવિભાગ ના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે. સદર વિસ્તાર ને હાલ ૧૧ કે.વી. જુવાનગઢ એજી તથા ૧૧ કેવી વિંઝલપર એજી ફીડરમાંથી પાવર મળે છે. સદર રજૂઆત મુજબ સદર વિસ્તાર ને ખંભાળીયા શહેર પેટાવિભાગ ના ૧૧કેવી ભાણખોખરી એજી ફીડરમા જોડવા માટે જરૂરી સર્વે હાથ ધરી, પ્રોજેકટ નંબર ૧૧૦૩૫૫ થી મજૂરી મેળવેલ છે. સદર પ્રોજેક્ટ મુજબ આ કામ માં ૨ કીમી નવી ભારે દબાણની વિજ-લાઇન ઉભી કરવાની રહે છે. તેમજ તેના કુલ ૪૦ પોલમાંથી ૪૦ પોલ ઉભા થઇ ગયેલ છે અને કામગીરી પુર્ણ કરેલ છે. | શ્રી એસ વાય પઠાણ ૯૮૭૯૨૦૧૮૩૧ | શહેર, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૯ | ખીમાભાઇ ભીમાભાઇ ભોચિયા, અધ્યક્ષ, કારોબારી સમિતિ જિલ્લા પંચાયત, દેવભૂમિ દ્વારકા | ભાડથર ૬૬ કે.વી. સબ સ્ટેશન ખાતે કોઈ ફોન કે મોબાઈલની સુવિધા અંગે | ૬૬ કે.વી. ભાડથર સબ-સ્ટેશન જેટકો કંપનીના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે. સદર રજુઆત બાબતે આપની રજુઆતની જેટકો કંપનીને જાણ કરવામાં આવેલ છે. તેમજ લેન્ડલાઇન નંબર હાલમાં ચાલુ છે. | | | | | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ખીમાભાઇ ભીમાભાઇ ભોચિયા – અધ્યક્ષશ્રી, | ચૂર, ધતૂરિયા અને અમરનાથ ખેતીવાડી ફિડરની અવાર નવાર બંધ થતી લાઇટો અંગે | અરજદારશ્રીએ જણાવેલ વિસ્તારમાં છેલ્લા ભારે પવન સાથેના વરસાદ થવાના કારણે ચૂર, ધતૂરિયા અને અમરનાથ ૧૧ કેવી ખેતીવાડી ફિડરોમાં વિજવિક્ષેપ થવા પામેલ જે અન્વયે જરૂરી સમારકામ ત્વરીત કરી આપવામાં આવેલ છે. હાલમાં ખેડૂતોને પિયતની મોસમ હોઇ સદર ફિડરોમાં સાતત્યપુર્વકનો વિજપુરવઠો જળવાઇ રહે તે માટે વિભાગીય કચેરી તરફથી તા.૧૩/૦૮/૨૦૧૫ ના રોજ જુના બદલી પામેલ માહિતગાર લાઇનમેનને સદર કામગીરીમાં મદદ માટે કલ્યાણપુર પેટાવિભાગિય કચેરીને ફાળવવામાં આવેલ છે. | શ્રી જે વાય રાવ, ૯૯૨૫૨૧૦૦૯૯ | કલ્યાણપુર | દ્વારકા | જામનગર | નિકાલ | | |
| ૧૧ | ખીમાભાઇ ભીમાભાઇ ભોચિયા – અધ્યક્ષશ્રી, | કલ્યાણપુર તાલુકાનાં ચૂર, ધતૂરિયા અમરનાથ ખેતીવાડી ફિડર માટે અલગ અલગ હેલપર ની નિમણૂક અંગે. | દરેક ફિડર માટે અલગ હેલ્પરની ફાળવણી કરવી શક્ય નથી. પેટાવિભાગિય કચેરીના કાર્યભારને ધ્યાનમાં રાખી લાઇનસ્ટાફની ફાળવણી કરવામાં આવતી હોય છે. હાલ ખેતીવાડીના કાર્યબોજને ધ્યાનમાં રાખી બે ઈલે.આસિસ્ટન્ટને હંગામી ધોરણે દ્વારકા વિભાગીય કચેરી તરફથી તા.૧૩/૦૮/૨૦૧૫ ના રોજ કલ્યાણપુર પેટા વિભાગીય કચેરીને ફાળવવામાં આવેલ છે. જેથી ખેતીવાડી મોસમ દરમ્યાન નિયમિત પાવર મળી રહે તેવી વ્યવસ્થા કરાયેલ છે. | શ્રી જે વાય રાવ, ૯૯૨૫૨૧૦૦૯૯ | કલ્યાણપુર | દ્વારકા | જામનગર | નિકાલ | | |
| ૧૨ | ખીમાભાઇ ભીમાભાઇ ભોચિયા – અધ્યક્ષશ્રી, | ફિડરોના મેન્ટેનન્સ વખતે ક્રોસિંગના લીધે બીજી લાઇન પણ બંધ કરવી પડતી હોય, ક્રોસિંગમાં કેબલ વાયરો નાખવા અંગે. | ૧૧ કેવી ખેતીવાડી ફીડરોમાં ચુર, અમરનાથ, ધતુરીયા અને ગોલનશેરડી ફીડરોમાં કુલ ૪૬ ક્રોસિંગો આવેલા છે. જેમાંથી ૧૮ ક્રોસીંગમાં કેબલ નાખવામાં આવેલ છે તેમજ બાકી રહેતા ૨૮ ક્રોસિંગોમાં તાંત્રિક રીતે જરૂરી જણાશે તેવા ક્રોસેંગ દુર કરવામાં આવશે. | શ્રી જે વાય રાવ, ૯૯૨૫૨૧૦૦૯૯ | કલ્યાણપુર | દ્વારકા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩ | ખીમાભાઇ ભીમાભાઇ ભોચિયા – અધ્યક્ષશ્રી, | ગોલનશેરડી ફિડરમાં ૧૨ ગામો જોડેલ હોય અવારનવાર ફોલ્ટ થતો હોય આ ફિડરમાથી લાલુકા અને લાલપરડા ગામને ભાડથર જે.જી.વાય ફિડરમાં જોડાણ આપવા અંગે | આ ફીડર નીચે કલ્યાણપુર પેટાવિભાગિય કચેરી હેઠળના ૦૮ ગામો જેમકે ધતુરીયા-૧-૨-૩, રાજપરા, ચુર, કાનપર શેરડી, ગોલન શેરડી, ચપર તથા વડત્રા પેટાવિભાગિય હેઠળના ૦૩ ગામો જેમકે લાલુકા, લાલપરડા અને શેઢા ભાડથર આવેલા છે. આમ આ ફીડરમાં બન્ને પેટાવિભાગિય કચેરીના સયુકત ગામો આવવાથી વિજ વિક્ષેપ થાય ત્યારે વિજપુરવઠો સંકલનના અભાવથી ત્વરીત પુર્વવત થતો નથી. આથી ૧૧ કેવી ગોલનશેરડી જ્યોતિગ્રામ ફિડરનું સર્વેક્ષણ તા.૧૪/૦૮/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ છે જેમાં કલ્યાણપુર પેટાવિભાગિય કચેરીના ૦૮ ગામોને ૬૬ કેવી ગોરાણા સબ-સ્ટેશનમાંથી નીકળતા ૧૧કેવી ડાંગરવડ જેજીવાય ફીડરમાં જોડવા માટે ૨ કીમીની ભારે દબાણની લાઇન ઉભી કરવાની રહે છે. જે માટેનો પ્રોજેકટ મંજુરી હેઠળ છે અને સદર કામ ત્વરીત હાથ પર લેવામાં આવશે. સદર કામ થવાથી લાલુકા, લાલપરડા અને શેઢાભાડથર ગામોને અલગ જ્યોતિગ્રામ ફીડર દ્વારા સાતત્ય પુર્વક નો વિજપુરવઠો મળશે. | શ્રી જે વાય રાવ, ૯૯૨૫૨૧૦૦૯૯ | કલ્યાણપુર | દ્વારકા | જામનગર | પડતર | ૩૦ દિવસ | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | ખીમાભાઇ ભીમાભાઇ ભોચિયા – અધ્યક્ષશ્રી, | ચૂર, ધતૂરિયા, ગોલનશેરડી, અમરનાથ ફિડરોમાં વડત્રા અને કલ્યાણપુર એમ બન્ને સબ ડિવિઝનના ગામ આવતા હોય રીપેરીંગની કામગીરીમાં સંકલન ન થવા અંગે. | ચૂર, ધતૂરિયા, ગોલનશેરડી, અમરનાથ ફિડરોને સાતત્યપુર્વક નો વિજપુરવઠો મળી રહે તે માટે રાજપરા ગામે નવું ૬૬ કેવી સબ-સ્ટેશન મંજુર થયેલ છે. સદર સબ-સ્ટેશનની જમીનની ફાળવણી પણ થઇ ગયેલ હોઇ ટૂંક સમયમાં જેટકો કંપની દ્વારા સબ-સ્ટેશન બનાવવાનું કામ હાથ ધરવામાં આવશે. ૬૬ કેવી રાજપરા સબ-સ્ટેશન કાર્યવંતિત થયે સદર ફીડરોનું વિભાજન આપોઆપ થતા વધુ સારી ગુણવત્તા સાથેનો સાતત્યપુર્વક વિજપુરવઠો મળશે. હાલમાં ખેડૂતોને પિયતની મોસમ હોઇ સદર ફિડરોમાં સાતત્યપુર્વક નો વિજપુરવઠો જળવાઇ રહે તે માટે વિભાગીય કચેરી તરફથી તા.૧૩/૦૮/૨૦૧૫ ના રોજ જુના બદલી પામેલ માહિતગાર લાઇનમેનને સદર કામગીરીમાં મદદ માટે કલ્યાણપુર પેટા વિભાગિય કચેરીને ફાળવવામાં આવેલ છે તથા વડત્રા તથા કલ્યાણપુર કચેરીઓના નાયબ ઇજનેરશ્રીઓને સતત સંકલનમાં રહી સદર ફીડરોમાં વિજ વિક્ષેપ ઉદભવે ત્યારે વિજપુરવઠો ત્વરીત પ્રસ્થાપિત કરવા સુચના આપેલ છે. | શ્રી જે વાય રાવ, ૯૯૨૫૨૧૦૦૯૯ | કલ્યાણપુર | દ્વારકા | જામનગર | નિકાલ | | |
| ૧૫ | ખીમાભાઇ ભીમાભાઇ ભોચિયા – અધ્યક્ષશ્રી, | નવા સ્થપાયેલા દ્વારકા ડિવિઝનમા કંડક્ટર વાયર, એંગલ, પિન, હાર્ડવેર જેવા મટિરિયલ ઉપલબ્ધ કરાવવા અંગે. | નવા સ્થપાયેલા દ્વારકા વિભાગિય કચેરીને હાલ જરૂરીયાત મુજબનો માલસામાન ખંભાળિયા વિભાગીય કચેરીના સ્ટોરમાંથી ફાળવવામા આવે જ છે. અને માલસામાનની કોઇ ખેંચ નથી. આમછતાં દ્વારકા વિભાગીય કચેરીના સ્ટોર માટેના સ્ટાફની ફાળવણી કરી આપેલ છે તથા દ્વારકા ખાતે વિભાગિય સ્ટોર કાર્યવંતિત કરવામાં આવેલ છે. | શ્રી જે વાય રાવ, ૯૯૨૫૨૧૦૦૯૯ | કલ્યાણપુર | દ્વારકા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬ | ખીમાભાઇ ભીમાભાઇ ભોચિયા – અધ્યક્ષશ્રી, | કલ્યાણપુર તાલુકાનાં રાજપરા ગામે ૬૬કે.વી. સબ સ્ટેશન સત્વરે મંજૂર કરાવવા અંગે. | કલ્યાણપુર તાલુકાનાં રાજપરા ગામે ૬૬ કે.વી. સબ સ્ટેશન મંજૂર થયેલ છે. સદર સબ-સ્ટેશનની જમીનની ફાળવણી પણ થઇ ગયેલ હોઇ, જેટકો કંપની દ્વારા સબ-સ્ટેશન બનાવવાનું કામ હાથ ધરવામાં આવેલ છે. | | | | | નિકાલ | |
| ૧૭ | શ્રી પાલાભાઈ કરમુર અધ્યક્ષ, કારોબારી સમિતિ જીલ્લા પંચાયત જામનગર | ભાણવડ તાલુકાના મેવાસા, ફતેપુર એજી વિસ્તારને ભાણવડ પેટાવિભાગિય કચેરી સાથે જોડવું | ભાણવડ તાલુકાના મેવાસા, ફતેપુર એજી વિસ્તારને ભાણવડ પેટાવિભાગિય કચેરીમાં જોડવાની રજૂઆત અન્વયે જણાવવાનું કે કોઈપણ કચેરીનું વિભાજન કરતી વખતે ભૌગોલિક તેમજ તાંત્રિક પાસાંને ધ્યાને લેવામાં આવે છે. તેમજ પેટા વિભાગીય કચેરીના કામ ભારણ પણ સમતોલ રીતે જળવાઈ રહે તે ધ્યાને લેવું જરૂરી છે. ભાણવડ પેટાવિભાગિય કચેરીમાં ગ્રાહકોની સંખ્યા, ગામોની સંખ્યા, વીજલાઈનની લંબાઈ તથા ટ્રાન્સફોર્મરની સંખ્યા, આવક વગેરે પાસાંઓ ધ્યાને લઈને ગ્રાહકોને વધુમાં વધુ સુવિધા અર્થે ત્રણ પાટિયા ખાતે નવી વેરાડ પેટા વિભાગીય કચેરી મંજુર થયેલ છે. જે મુજબ ભાણવડ તાલુકાના ફતેપુર તેમજ મેવાસા ગામો તથા તેમના વાડી વિસ્તારનો વેરાડ પેટા વિભાગીય કચેરી હેઠળ સમાવેશ કરેલ છે. હાલ, ફતેપુર તથા મેવાસા ગામને ૧૧ કેવી આંબરડી જેજીવાય ફીડર તથા ફતેપુર તથા મેવાસા ગામના વાડી વિસ્તારને ૧૧ કેવી ફતેપુર એજી ફીડર માંથી વીજ પુરવઠો આપવામાં આવે છે. તથા આ બંને ફીડરો વેરાડ પેટા વિભાગીય કચેરીના નિયંત્રણ હેઠળ છે. આ બંને પેટા વિભાગીય કચેરીની વિસ્તૃત માહિતી નીચે મુજબ છે. | શ્રી એચ બી ઘડુક ૯૯૨૫૨૧૦૧૨૨ | ભાણવડ | ખંભાળીયા | જામનગર | નિકાલ | |

| પેટા વિભાગીય કચેરીનું નામ | ભાણવડ | વેરાડ |
|---|---|---|
| ગામની સંખ્યા | ૩૪ | ૩૧ |
| ગ્રાહકોની સંખ્યા | ૧૭૮૫૭ | ૧૨૮૨૭ |
| એચટી લાઈન કિમી | ૯૭૩.૫ | ૧૧૧૭.૩૮ |
| એલટી લાઈન કિમી | ૪૯૮.૦૯ | ૬૨૨.૩૭ |
| ટ્રાન્સફોર્મર ની સંખ્યા | ૨૮૮૨ | ૨૮૪૬ |
| આવક (લાખમાં) | ૧૦૫.૮૮ | ૫૬.૦૭ |
| એરિયા ચો. કિમી | ૩૭૩.૭ | ૩૦૫.૭૨ |

**અરજદારશ્રીની રજૂઆતે ભૌગોલિક તેમજ તાંત્રિક દ્રષ્ટીએ તપાસતા હાલમાં જે વ્યવસ્થા કરાયેલ છે તે યોગ્ય છે.**

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮ | શ્રી પાલાભાઈ કરમુર અધ્યક્ષ, કારોબારી સમિતિ જીલ્લા પંચાયત જામનગર | વાડી વિસ્તારના રહેણાંકમાં આરએલ કનેક્શન આપવા બાબત. | વાડી વિસ્તારના રહેણાંકમાં આરએલ કનેક્શન આપવાની રજૂઆત અન્વયે જણાવવાનું કે વેરાડ પેટાવિભાગીય કચેરી હેઠળ એપ્રિલ ૨૦૧૪ થી હાલની સ્થિતિએ ૪૪ એજીઆરએલની અરજીઓ આવેલ છે. જે તમામ અરજદારોને અંદાજપત્રક આપવામાં આવેલ. જે પૈકી ૧૦ અરજદારોએ અંદાજપત્રક ભરપાઈ કરેલ. જે અન્વયે ૮ અરજદારોને વીજ જોડાણ આપી દીધેલ છે. બાકીના ૨ અરજદારોએ તેમના અંદાજપત્રક ૦૬.૦૮.૨૦૧૫ અને ૦૭.૦૮.૨૦૧૫ ના રોજ ભરપાઈ કરેલ છે. જેના લાઈન કામના ઓર્ડર કોન્ટ્રાકટરને આપવામાં આવેલ છે. જેનું લાઈનકામ ત્વરીત પૂર્ણ કરી વીજજોડાણો આપવામાં આવશે. વાડી વિસ્તારના રહેણાંકમાં રહેતા લોકો ઘરવપરાશના વિજજોડાણ લેવાની માંગણી કરશે તેઓને કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ અગ્રતાક્રમ અનુસાર વીજજોડાણ આપવામાં આવશે. | શ્રી કે એમ મહીડા ૯૬૮૭૬૪૩૦૫૧ | વેરાડ | જામજોધપુર | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯ | શ્રી પાલાભાઈ કરમુર અધ્યક્ષ, કારોબારી સમિતિ જીલ્લા પંચાયત જામનગર | વાડી વિસ્તારના લોકો રહેણાંક હેતુ માટે લાઈટીંગ કનેક્શન માટે તોતિંગ રૂ ૪૬,૦૦૦/ નું કવોટેશન આપવા બાબત. | વાડી વિસ્તારમાં રહેતા આસામીઓ દ્વારા વાડીમાં ઘરવપરાશના વિજજોડાણની માંગણી કરવામાં આવે છે ત્યારે કંપનીના પ્રવર્તમાન પરિપત્ર નં.પીજીવીસીએલ/૬૩૭૩, તા.૦૨.૦૭.૨૦૧૪ મુજબ અરજદાર દીઠ અંદાજીત ખર્ચ માંથી એક લાખ સુધીની રકમ અરજદારે ભરપાઇ કરવાની રહે છે, જે રકમ ભરપાઇ થયે અગ્રતાક્રમ મુજબ અરજદારને માગેલ જગ્યાએ વિજજોડાણ આપવામાં આવે છે. વેરાડ પેટા વિભાગીય કચેરી હેઠળ ભરવાડ વિસ્તારમાં કુલ આવા ૬ અરજદારો કે જેઓએ પોતાના સર્વે નંબરમાં મકાનો બનાવી રહે છે. આ છ અરજદારોને ઘર વપરાશનો વીજ પુરવઠો આપવા માટે કુલ ૧.૧૭ કિમી ૧૧ કેવી લાઈન તથા ૫ કેવીએનું ટ્રાન્સફોર્મર ની દરખાસ્ત થયેલ અને તેનો કુલ અંદાજીત ખર્ચના છ અરજદારોના સમાન ભાગે કરતા તેઓ દરેકને રૂ.૪૬,૦૦૦/- નું અંદાજપત્રક આપવામાં આવેલ છે. જે પ્રવર્તમાન નિયમ મુજબનું જ છે. | શ્રી કે એમ મહીડા ૯૬૮૭૬૪૩૦૫૧ | વેરાડ | જામજોધપુર | જામનગર | નિકાલ | | |
| ૨૦ | શ્રી પાલાભાઈ કરમુર અધ્યક્ષ, કારોબારી સમિતિ જી.પં. જામનગર | શિવા ગામે એજી ગ્રુપ માં નકલંક અને જડેશ્વર ગ્રુપના લોકોની ગ્રુપ ચેંજ કરવાની માંગણી બાબત. | શિવા તથા વાનાવડ ગામના ગ્રાહકો શ્રી હેમતભાઈ પુનાભાઇ રાવલિયા તેમજ અન્ય ૧૯ ખેતીવાડી વીજ ગ્રાહકોએ તેમના જોડાણો ૧૧ કેવી જંગલેશ્વર ફીડરમાથી ૧૧ કેવી નકલંક ફીડરમાં ફેરવી આપવા પીજીવીસીએલની જામજોધપુર વેસ્ટ કચેરી ને ૧૩.૦૪.૧૫ ના લેખિત અરજી કરેલ. જે તાંત્રિક રીતે તપાસતા રજુઆત યોગ્ય હોઇ, પેટાવિભાગિય કચેરી દ્વારા જરૂરી લાઇન કામ કરી ૧૧ કેવી જડેશ્વર ફીડરમાથી તેઓને ૧૧ કેવી નકલંક ફીડરમાં જોડી આપેલ છે. | શ્રી એ એમ સોરઠીયા ૯૯૨૫૨૧૦૧૨૪ | જામજોધપુર (વેસ્ટ) | જામજોધપુર | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | શ્રી પાલાભાઈ કરમુર અધ્યક્ષ, કારોબારી સમિતિ જીલ્લા પંચાયત જામનગર | સાઈક્લોન સમયે એજી ગ્રૂપમાં પડી ગયેલ કે ભાંગી ગયેલ પોલ બાબત. | વિભાગીય કચેરી ખંભાળીયા હેઠળ આવતા ગામો કોલવા તેમજ ભંડારીયા ગામે સાઈકલોન વખતના ભારે દબાણની લાઈનના ૧૮ પોલ તેમજ હળવા દબાણની લાઈનના ૧૧૭ પોલ પૈકી હળવા દબાણની લાઈનના ૫૭ પોલ બદલવાની કામગીરી પુર્ણ કરેલ છે તેમજ બાકી રહેતા પોલમાં ખેડુતોની સહમતિ લઈ કામ કરવામાં આવે છે તથા બાકી રહેલી કામગીરી પાક ઉપડી ગયા બાદ અરજદારશ્રી દ્વારા જાણ થયે કામ પુર્ણ કરવામાં આવશે. તથા કોટડીયા ગામમાં આઠ પોલ ભંડારીયા ગામમાં આઠ પોલ તથા જુની ફોટ ચાર પોલ તથા કોલવા ગામમાં પાંચ પોલ બદલી કામ પુર્ણ કરેલ છે.<br>વિભાગીય કચેરી જામજોધપુર હેઠળ આવતા ગામો કાટકોલા તેમજ કલ્યાણપુર ગામે સાઈક્લોન સમયે ખેતીવાડી ગ્રૂપોમાં વીજ પુરવઠો તાત્કાલિક ચાલુ કરવા વાપરવામાં આવેલ ટૂંકા પોલોને બદલાવી નવા પોલો ઊભા કરી આપવામાં આવેલ છે. તેમ છતાં આ બંને ગામોના ખેતીવાડી વિસ્તારમાં અરજદાર દ્વારા જાણ થયે તથા સર્વેક્ષણમાં માલુમ પડ્યે ટૂંકા પોલોને બદલાવી નવા પોલ ઉભા કરી આપવામાં આવશે. | શ્રી એચ બી ઘડુક ૯૯૨૫૨૧૦૧૨૨ | ભાણવડ | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૨ | શ્રી પાલાભાઈ કરમુર અધ્યક્ષ, કારોબારી સમિતિ જી.પં., જામનગર | ચોમાસા દરમ્યાન પીનફોલ્ટ વારંવાર ન થાય તે માટે નબળી ગુણવત્તાવાળી પીનનો ઉપયોગ ન કરવા બાબત | ચોમાસા દરમ્યાન ભારે પવન અને વરસાદના કારણે વિજલાઇનોની ૧૧ કેવીની પીનોના ફોલ્ટ થવાના બનાવો બને છે. જે ત્વરીત બદલી વિજપુરવઠો પુર્વવત કરવામાં આવે છે. ૧૧ કેવી પીનોની ખરીદી નિગમિત કચેરી દ્વારા પુરતી તકેદારી સાથે પીનોની ગુણવત્તાની ચકાસણી કર્યા બાદ જ ખરીદવામાં આવે છે. વિશેષમાં કંપની દ્વારા વધુ સારી ગુણવત્તાવાળા પોલીમર્સ પીન-ડીશ ખરીદવામાં આવી રહ્યા છે તેઓનો પણ ઉપયોગ કરવામાં આવે છે. | | | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૨૩ | શ્રી પાલાભાઈ કરમુર અધ્યક્ષ, કારોબારી સમિતિ જીલ્લા પંચાયત જામનગર | કંડકટર બદલવાની માંગણી સ્વીકારવા બાબત. | કંડકટર બદલવાની માંગણીની રજૂઆત અન્વયે જણાવવાનું કે છેલ્લા ૬ માસમાં વેરાડ પેટાવિભાગીય કચેરી હેઠળ ૧૧ કેવી ફતેપુર એજી ફીડરનો ૧૨.૨ કિમી, હિંગળાજ એજી ફીડરનો ૧.૫ કિમી, સણોસરી એજી ફીડરનો ૧.૬ કિમી, સોનવાડિયા એજી ફીડરનો ૨.૧ કિમી, મોડપર એજી ફીડરનો ૨ કિમી તથા ભણગોર એજી ફીડરનો ૧.૨ કિમી વાયર બદલાવેલ છે. જયારે ખેતીવાડી ગ્રુપમાં હળવા દબાણની લાઈનનો લખમણ એજી ગ્રુપમાં ૧.૩ કિમી, સવદાસ એજી ગ્રુપમાં ૮૦૦ મીટર, દાંડી એજી ગ્રુપમાં ૨.૧ કિમી, દાવાદળ એજી ગ્રુપમાં ૧.૫ કિમી, તણેત એજી ગ્રુપમાં ૧.૫ કિમી, લખું મેરામણ એજી ગ્રુપમાં ૪૦૦ મીટર, પાલા હરદાસ એજી ગ્રુપમાં ૮૦૦ મીટર, દેવશી ભીમા એજી ગ્રુપમાં ૧ કિમી, માકડિયા એજી ગ્રુપમાં ૨ કિમી તથા હીરજી લખમણ એજી ગ્રુપમાં ૧.૫ કિમી વાયર બદલાવેલ છે. | શ્રી કે એમ મહીડા ૯૬૮૭૬૪૩૦૫૧ | વેરાડ | જામજોધપુર | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૪ | શ્રી પાલાભાઈ કરમુર અધ્યક્ષ, કારોબારી સમિતિ જીલ્લા પંચાયત જામનગર | વીજચોરીમાં પકડાયેલ શ્રી રાજાભાઇ રામભાઈ રાવલીયાના કેઈસ બાબત. | પીજીવીસીએલ દ્વારા પાવરચોરી ડામવા વિજચેકિંગની કાર્યવાહી કરવામાં આવે છે. તેમાં ગ્રામ્ય તથા ખેતીવાડી વિસ્તારમાં વિજચેકિંગ દરમિયાન ચેકિંગ અધિકારીઓ તેમના વીજ સ્થાપનનું ચેકિંગ કરી અને તેમાં જણાતી ગેરરીતી ચકાસીને જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે. ફતેપુર ગામના શ્રી રાજાભાઇ રામભાઇ રાવલિયા ગ્રા.નં.૮૯૮૬૨/૦૦૦૪૦/૬ નું વિજજોડાણ ચેકિંગ ડ્રાઇવ હેઠળ ચેક થયેલ ત્યારે તેઓના મીટર પાસે સર્વિસમાં ચેડા કરેલ હતા અને તેમનો જોડેલ લોડ ૧.૪૨૭ કિલો વોટ હતો. ચેકિંગ અધિકારી દ્વારા સ્થળ પરના પુરાવાને આધારે ચેકીંગ કાર્યવાહી કરવામાં આવેલ જે અન્વયે તેઓને કલમ-૧૨૬ હેઠળ પુરવણી બિલ આપવામાં આવેલ. ગ્રાહકશ્રી દ્વારા સદર બીલ બાબતે વાંધાઓ રજૂ કરતાં તેમની રજૂઆત ચકાસીને વિભાગીય કચેરી દ્વારા તેમને આપવામાં આવેલ બિલની રકમ નિયમાનુસાર ઘટાડી આપવામાં આવેલ છે. | શ્રી કે એમ મહીડા ૯૬૮૭૬૪૩૦૫૧ | વેરાડ | જામજોધપુર | જામનગર | નિકાલ | | |
| ૨૫ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ, શ્રીજી શોપીંગ સેન્ટર, ખંભાળીયા, | ૧૧ કે.વી. ખેતીવાડી ફીડરોમાં લાઈનનું સમારકામ કરાવવું | દેવભુમિ દ્વારકા જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં નવા સબ સ્ટેશનનોની કામગીરી, ફીડર વિભાજનનું કામ પુર્ણ કરેલ છે તેમજ એચવીડીએસમાં મંજુર થયેલ ફીડરની કામગીરીની આપે સહર્ષ નોંધ લીધી છે તે માટે પીજીવીસીએલ આપનો આભાર માને છે. ખંભાળીયા વિભાગિય કચેરી હેઠળ આવતા ચાર પેટાવિભાગિય કચેરી જેમકે, ખંભાળીયા શહેર, ખંભાળીયા ગ્રામ્ય, વડત્રા તથા ભાણવડ નીચે ખેતીવાડી ગ્રુપની હળવા દબાણની લાઇનોનું પણ જરૂરિયાત મુજબનું સમારકામ કરવામા આવે છે. | તમામ નાયબ ઇજનેરશ્રી | તમામ સબ ડીવીઝન | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૬ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | દેવભુમિ દ્વારકા જીલ્લામાં નવી વર્તુળ કચેરી બનાવવી | આ પ્રશ્ન નીતીવિષયક છે. | | | | જામનગર | | | |
| ૨૭ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | ખંભાળીયા શહેર પેટાવિભાગ નુ વિભાજન કરી અલગ નવી કચેરી કરવી. | પીજીવીસીએલના પ્રવર્તમાન નિયમાનુસાર પત્ર નં.પીજીવીસીએલ/પરિપત્ર/૫૬૮૪, તા.૧૬-૬-૨૦૧૫ મુજબ જરૂર જણાયે સબ-ડીવીઝનના વિભાજનની કામગીરી હાથ ધરવામાં આવતી હોય છે. હાલ ખંભાળીયા શહેર પેટાવિભાગિય કચેરી હેઠળ એચ.ટી.લાઈન ૩૨૧.૫ કી.મી ., એલ.ટી .લાઈન - ૩૮૬.૩૪ કી.મી., ટ્રાન્સફોર્મર -૯૮૬ નંગ, વિસ્તાર - ૩૭૫ ચો.કીમી, વાર્ષિક રેવન્યુ - ૨૩.૨૦ કરોડ અને વીજ ગ્રાહકો - ૨૫૧૧૭ છે. જે કંપનીના પ્રવર્તમાન નિયમાનુસાર ૧૫૦% ગ્રાહકો થતા ન હોવાથી હાલ આ સબ ડીવીઝન ઓફીસનું વિભાજન હાલના તબક્કે પ્રવર્તમાન ધારાધોરણ મુજબ શક્ય નથી. | શ્રી એસ વાય પઠાણ ૯૮૭૯૨૦૧૮૩૧ | શહેર, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૨૮ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | કલ્યાણપુર અને ભાટિયા કચેરીઓનું વિભાજન કરી રાવલ ખાતે નવું સબ ડિવિઝન મંજૂર કરવા અને સબડિવિઝન કચેરીમાં નવી ટેકનિકલ/ક્લેરિકલ જગ્યાઓ મંજૂર કરવી | કલ્યાણપુર અને ભાટીયા પેટાવિભાગિય કચેરીની ભૌગોલિક, તાંત્રિક તેમજ આવકના પરિબળો તપાસીને કંપનીના હાલના પ્રવર્તમાન પરિપત્ર નંબર પીજીવીસીએલ/પરિપત્ર/૫૬૮૪, તા.૧૬.૦૬.૨૦૧૫ મુજબ જરૂર જણાયે દરખાસ્ત તૈયાર કરવામાં આવશે. હાલમાં જ ખંભાળીયા વિભાગિય કચેરીનું વિભાજન કરી દ્વારકા ખાતે વધુ એક વિભાગિય કચેરી કાર્યવંતિત કરેલ છે. આ બંન્ને વિભાગિય કચેરીઓ તેમજ તેમની હેઠળની પેટાવિભાગિય કચેરીઓમાં સ્ટાફની ગોઠવણ કરવામાં આવેલ છે તેમ છતાં કોઇપણ કચેરીમાં ખાલી જગ્યા હશે તો ત્વરીત ભરી આપવા માટેની કાર્યવાહી કરવામાં આવશે | શ્રી જે વાય રાવ, ૯૯૨૫૨૧૦૦૯૯ | કલ્યાણપુર | દ્વારકા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૯ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | વિજ ચેકીંગ દરમિયાન ભરાયેલ ચેકીંગ શીટ સ્થળ પર જ ગ્રાહકને અપાતી નથી. | વિજ ચેકીંગ જે તે વખતે ચેકીંગ શીટ બાકી રહી ગયેલ હોય તેમને પેટાવિભગિય કચેરીએથી ચેકીંગશીટની નકલ આપવામાં આવે છે તથા સ્થળ પર પણ ચેકીંગ અધિકારી દ્વારા નકલ આપવામાં આવે છે. વધુમાં આ બાબતે ફરીથી સુચના આપવામાં આવેલ છે. | તમામ નાયબ ઇજનેરશ્રી | તમામ સબ ડીવીઝન | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૩૦ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | વિજ ચેકીંગ દરમિયાન લોડની ગણતરી કરતી વખતે ઘરઘંટી, ગીઝર, વગેરે જેવી વસ્તુનો ઉપયોગ ટેમ્પરરી હોય છે તેમજ મકાનમાં લાઈટ ફીટીંગ મુજબનો બધો લોડ વપરાતો નથી તેમ છતાં સંપુર્ણ લોડ ગણી ખુબ મોટા બીલ આપવામાં આવે છે. | ચેકીંગ શીટમાં દર્શાવેલ ઉપકરણોને બીલ બનાવતી વખતે રેવન્યુ વિભાગ દ્વારા ઉપકરણ મુજબ ડાયવર્સીટી ગણતરીમાં લઈને જ બીલ બનાવવામાં આવે છે તેમજ તે મુજબ જીઈઆરસીના નિયમ મુજબ એબીસીડી ફોર્મુલા પ્રમાણે બીલ બનાવવામાં આવે છે તેથી આ ઉપકરણો જે ગ્રાહક દ્વારા ઉપયોગમાં લેવાતા હોય તેનો નક્કી કરાયેલ લોડફેકટર ગણતરીમાં લેવામાં આવે છે અને તે મુજબ નિયમાનુસાર પુરવણીબીલ આપવામાં આવે છે. | તમામ નાયબ ઇજનેરશ્રી | તમામ સબ ડીવીઝન | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૩૧ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | ગ્રામ્ય પેટાવિભાગિય કચેરી, ખંભાળીયામાં ઘર વપરાશ વિજ જોડાણો આપવામાં ગંભીર ગેરરીતિ થાય છે. | વાડી વિસ્તારમાં રહેતા લોકોને ઘર વપરાશ માટેના વિજજોડાણો નિયમાનુસાર આપવામાં આવે છે. અગાઉ ખેતીવાડી વિસ્તારના એજીઆરએલની અરજીઓને કંપનીના પરિપત્ર PGVCL/Reg,Cell/T-6728, તા.૧૯.૦૯.૨૦૧૧ મુજબ થ્રી-ફેઈઝ ખેતીવાડી વિજજોડાણ હયાત હોય તેઓને જ એજીઆરએલ કનેકશન આપવામાં આવેલ. તથા બાકી અરજદારોની અરજી ચકાસતા વિજજોડાણ આપવાને પાત્ર ન હોય તેઓની અરજી દફતર કરવામાં આવેલ. પરંતુ હાલમાં કંપનીના પ્રવર્તમાન પરિપત્ર નં. PGVCL/Reg,Cell/T 7052, તા.૨૩.૦૭.૨૦૧૪ મુજબ આપવામાં આવે છે. વધુ તપાસ કરતાં આવી કોઇ ગેરરિતી હાલમાં ધ્યાને આવેલ હોઇ તેવુ જણાયેલ નથી. | શ્રી કે કે કગથરા ૯૯૦૯૯૩૪૫૧૫ | ગ્રામ્ય, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૨ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | વડત્રા પેટાવિભાગમાં એમ્નેસ્ટી સ્કીમ હેઠળ ભરાયેલ નાણાં બાદ પીડીસીઆરસી માટે થયેલ અરજીના નિયમો તથા સમય મર્યાદા બાબત | એમનેસ્ટી સ્કીમ હેઠળ કુલ ૯ અરજીઓ આવેલ હતી તેમાંથી બે અરજીની મંજુરી વર્તુળ કચેરીમાંથી મળેલ છે તેમજ તેને અંદાજપત્ર પણ આપેલ છે અને બાકીની સાત અરજીઓ સર્વે કરી તેમાંથી ૩ ફાઇલ જરૂરી મંજુરી માટે ડીવીઝન મારફતે વર્તુળ કચેરીમાં જરૂરી મંજુરી માટે મોકલવામાં આવેલ છે અને બાકીની ૪ ફાઇલોમાં નવા ડોકયુમેન્ટ જરૂરી હોવાથી અરજદાર ને વડત્રા સબ ડીવીઝન દ્વારા પત્રથી જાણ કરેલ હતી. સદર દસ્તાવેજોની પુર્તતા અરજદાર તરફથી કરવામાં આવેલ, જેથી જરૂરી મંજુરી લઇ અંદાજપત્ર આપવામાં આવેલ છે. | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૩૩ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | શ્રી સીદા વેજાણંદ ગોજિયા-ગામ રાજપરા, તા- કલ્યાણપુર. એ.જી. ગ્રાહક નં. ૩૩૦૨૯/૦૦૨૪૨ /૦ નું કનેક્શન ખોટી રીતે પી.ડી.સી. કરી નાખેલ તેવો કોર્ટનો હૂકમ હોવા છતા આજ સુધી તે કનેક્શન શા કારણે ચાલુ કરેલ નથી? | કલ્યાણપુર પેટાવિભાગિય કચેરીના નાયબ ઇજનેરશ્રીએ તા:૧૩.૦૮.૨૦૧૫ ના રોજ રાજપરા ગામે સદર અરજદારના પ્રતિનિધીશ્રી ગોગનભાઇ સીદાભાઇ ગોજિયાનો સંપર્ક કરી, કોર્ટે કરેલ હુકમ બાબતે જણાવેલ કે જુના વિજજોડાણની રીકવરી પેટે કોઇ રકમ બાકી રહેતી નથી તથા કોર્ટના હુકમમાં વિજજોડાણ પુનઃચાલુ કરવાનો કોઇ ઉલ્લેખ નથી. તથા અરજદારશ્રીના રદ થઈ ગયેલ ખેતીવાડી વીજજોડાણને પુનઃપ્રસ્થાપિત કરવા માટેની અરજી કરવા અંગે જરૂરી માર્ગદર્શન આપેલ. અરજદારશ્રી દ્વારા જરૂરી દસ્તાવેજો સાથે નિયત અરજી દાખલ થયે પેટાવિભાગીય કચેરી દ્વારા પુનઃજોડાણની કાર્યવાહી ત્વરીત હાથ ધરવામાં આવશે. | શ્રી જે વાય રાવ, ૯૯૨૫૨૧૦૦૯૯ | કલ્યાણપુર | દ્વારકા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૪ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | શ્રી લાખાભાઇ રાજાભાઇ નકુમ, ગામ-કનકપર, તા. કલ્યાણપુર ગ્રા.નં.૮૫૭૧૧ /૦૦૦૯૬/૫ પીડીસી-આરસી ની અરજી માટે દસ્તાવેજો રજુ કરીને રજી. ફી ભરપાઈ કર્યા બાદ આજ દિન સુધી પીડીસી-આરસી થયેલ નથી | સદર અરજીમાં દર્શાવેલ અરજદાર સ્થળ સર્વે કરતાં અવસાન પામેલ માલુમ પડેલ છે તેમજ તેની અરજી દફતરે કરવાની જાણ વડત્રા પેટાવિભાગિય કચેરી દ્વારા પત્ર નં.વીએસડી/ટેક/૨૪૧૦, તા.૦૪-૦૭-૨૦૧૩ થી કરેલ છે. આ પત્રની જાણ રજીસ્ટર એડી દ્વારા અરજદારને થયેલ છે. પરંતુ ત્યાર બાદ વારસદાર દ્વારા ઓફીસે આ કનેકસન બાબતે સંર્પક કરવામા આવેલ નથી તેમજ સદર અરજદારની અરજીમા દર્શાવેલ ફોન નંબર પર સંર્પક કરતા વારસદાર દ્વારા જણાવેલ છે કે હજુ સુધી તેમણે વારસાઇના ૭/૧૨ અને ૮-અ તેમના ખાતે કરેલ નથી. આમ જરૂરી દસ્તાવેજો રજૂ થયે વારસદાર આ કનેકશન માટે હકકદાર બનશે. | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૩૫ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | શ્રી દેવાભાઇ અરજણભાઇ ડુવા, ગામ-લાલપરડા, તા.ખંભાળીયા ના ગ્રા.નં. ૮૮૯૪૫/૦૦૧૩૬/૦ પીડીસીઆરસી ની અરજીની તમામ કાર્યવાહી પુર્ણ કરેલ તેમ છતાં આજ દિન સુધી વિજ જોડા આપવામાં આવેલ નથી. | આ અરજદાર દ્વારા પીડીસી જોડાણ માટે રૂ.300/- તા.૦૯.૦૧.૨૦૧૦ થી ભરેલ છે તેમજ તેનું વિજજોડાણ ગ્રા.ન.૮૮૯૪૫/૦૦૧૩૬/૦, તા.૧૦.૦૪.૨૦૦૩ના રોજ રદ થયેલ છે. આમ પીડીસીનો સમયગાળો પાંચ વર્ષ કરતાં વધારે હોય નિયમોનુસાર ટપક લેવી પડે. જે અરજદાર દ્વારા લીધેલ ન હોવાથી રી-કનેકશન અંગેની કાર્યવાહી થયેલ નથી. પરંતુ આ ટપક પધ્ધતિ અંગેની જરૂરી કાર્યવાહી તેમના તરફથી કરવામાં આવ્યે કનેકશન આપવાની કાર્યવાહી કરી શકાય. આ ટપક વસાવવા માટે વડત્રા પેટાવિભાગિય કચેરી દ્વારા પત્ર નં. વીએસડી/ટેક/૨૪૧૮ તા. ૦૮/૦૬/૨૦૧૧ ના રોજ રજી. એડી થી અરજદારને જાણ પણ કરેલ છે. | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૬ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | શ્રી લાલા રાજા હડીયલ ગામ મોવાણ તા. ખંભાળીયા ગ્રા.નં.૮૫૭૦૯ /00૨૦૩/૮ પીડીસી-આરસી ની અરજીની તમામ કાર્યવાહી પુર્ણ કરેલ તેમ છતાં આજ દિન સુધી વિજ જોડા આપવામાં આવેલ નથી. | અરજદાર દ્વારા તેમનું જુનુ કનેકશન લાલા રાજા હડીયલના નામે હતું તેના વારસદારશ્રી રામજી જેરામ લાલાને જરૂરી સમજણ આપી નવી અરજી કરવા જણાવતાં તા.૨૭/૮/૧૫ ના રોજ રસીદ નં.૯૧૦૦૪૨ થી ૫૦૦/- નામ બદલી તથા પીડીસી રી-કનેકશન પેટે વડત્રા પેટાવિભાગિય કચેરીમાં ભરપાઇ કરેલ છે. તેથી તેને સર્વે કરી મંજુરી લઇ વિજ જોડાણ ચાલુ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ અરજદારશ્રીને નિયમોનુસાર ટપક લેવા માટે પણ જણાવેલ છે. અરજદારની ટપક પધ્ધતિની મંજુરી મળ્યે આગળની કાર્યવાહી ત્વરીત કરી આપવામાં આવશે. | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૩૭ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | પીડીસી થયેલ કનેકશન ના એજી ગ્રાહક નંબર જણાવી તેનું કલમ-૧૨૬ હેઠળ બીલ આપી શકાય? | પીડીસી થયેલ કનેકશનના એજી ગ્રાહક નંબર જણાવી બિનઅધિકૃત રીતે વિજવપરાશ જણાય તો કલમ-૧૨૬(૫૦) હેઠળ બીલ આપવામાં આવે છે. કોઇપણ સ્થળે બિન-અધિકૃત રીતે વિજવપરાશ ધ્યાનમાં આવે તો તે સ્થળના માલિક/વપરાશકર્તાને કંપનીના નિયમ અનુસાર બિન-અધિકૃત વિજવપરાશ અંગેનું બીલ કલમ-૧૨૬/૧૨૬(૫૦) મુજબનું બીલ આપવામાં આવે છે | તમામ નાયબ ઇજનેરશ્રી | તમામ સબ ડીવીઝન | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૮ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | પીજીવીસીએલ તરફથી ખેતીવાડી જોડાણોમાં તથા અકસ્માત નિવારવા તેમજ માનવજીવ હાની બચે તેવા ઉમદા હેતુ માટે<br>એજી નવા જોડાણોમાં ટીઆર આપતી વખતે આઈએસઆઈ માર્કાવાળા કેપીસીટર તથા ઈએલસીબી સ્વીચ લગાડવાની હોય છે. તેનો અમલ માત્ર કાગળ પર જ થાય છે. | આ બાબતે જણાવવાનું કે, ટેસ્ટ રીપોર્ટમાં દર્શાવેલ સાધનો પ્રમાણે પ્રાઈવેટ પ્રિમાઈસીસમાં આવેલ વાયરીંગની જવાબદારી ગ્રાહકની થતી હોય છે. આ બાબત માટે વિલેજ મીટીંગ તેમજ સલામતિ અભિયાન જે અલગ અલગ ગામે યોજવામાં આવે છે તેમજ તેની ચર્ચા પણ કરવામાં આવે છે તથા ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવે છે વધુમાં આ બાબતોને ખેડુતોને લગતી હોય આપની કક્ષાએથી વારંવાર મીટીંગ થાય ત્યારે જાગૃતી લાવવા વિનંતી છે. તેમજ નિયમિતપણે ખેડુતોને સમજણ આપવા માટે સબ ડીવીઝન તેમજ ડીવીઝન દ્વારા ગ્રામસભા/વિલેજ મીટીંગનું આયોજન ખેડુતોની હાજરીમાં કરવામાં આવે છે. | તમામ નાયબ ઇજનેરશ્રી | તમામ સબ ડીવીઝન | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૯ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | વેલજી પુંજા ખાણધર-ધરમપુર તા. ખંભાળીયા ગ્રા.ન.૩૨૦૦૧/૫૦૯૦૮/૧ થી ૭ હો.પા.નુ બીલ આપવામાં આવેલ છે તેમણે નવા વિજજોડાણ માટે જરૂરી દસ્તાવેજો તથા ફી ભરપાઈ કરેલ તેમ છતાં તેમણે ત્યાં લાઈન ઉભી થઈ નથી તથા મીટર પણ લાગેલ નથી. | ધરમપુર બેડીયા વાડી ખાતે વેલજી પુંજા ખાણધર સહિત કુલ છ અરજદારોના જોડાણ માટે સર્વેક્ષણ મુજબ ગ્રુપમાં અંદાજપત્ર તા. ૦૪.૦૧.૨૦૦૦ના આપવામાં આવેલ.જે ભરપાઈ થતા જરૂરી લાઈનકામ પુર્ણકર્યા બાદ અરજદારો દ્વારા ટેસ્ટ રીપોર્ટ રજુ કરવામાં આવતાં ક્રમ પ્રમાણે જોડાણો રીલીઝ કરવામાં આવેલ. શ્રી વેલજી પુંજા ખાણધરનું જોડાણ યુ સ્ટેટસમાં રીલીઝ થયેલ. અરજદારે ટેસ્ટ રીપોર્ટ ભરેલ નહીં જેથી માહે એપ્રિલ-મે-૨૦૦૭ બાદ જોડાણ રદ થયેલ અને મીનીમમ બીલની રકમ ૮૪૨૯૩ થયેલ. નિયમોનુસાર બે વર્ષ મીનીમમ ચાર્જની રીકવરી થઈ શકે તેમ હોય તે મુજબ કુલ ૧૯૩૨૦+આજ દીન સુધીનું વ્યાજની રકમનું લેણું બાકી નીકળે છે. જે અરજદારશ્રી દ્વારા ભરપાઇ થયે સદર વિજજોડાણ કંપનીના નિયમાનુસાર આપવાની કાર્યવાહી ત્વરીત કરવામાં આવશે. | શ્રી એસ વાય પઠાણ ૯૮૭૯૨૦૧૮૩૧ | શહેર, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૪૦ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | શ્રી મોહન પાંચા ચોપડા – કંચનપુર, તા. ખંભાળીયા ગ્રા.નં. ૩૩૦૬૧/૦૦૧૫૮/૧ થી ૫ હો.પા. નું ખેતીવાડી વિજ જોડાણ ધરાવે છે. મીટર નો ડીસ્પ્લે બંધ પડી ગયેલ હોય તેના કેટલા રૂપિયા ભરવા પડે ? ગ્રાહકને રૂ.૨૨૭૫/- ભરાવેલ છે સદર મીટર લેબ માં ખોલતાં પરીણામ ઓકે આવેલ છે તો સદર ભરેલ રકમ મજરે જમાં મળે કે કેમ ? | ગ્રાહકને રૂ.૨૨૫/- રીસીલીંગ પેટે ભરાવેલ છે અને આ મીટર ડીસ્પ્લે ઓફ હોવાથી બદલાવેલ છે તેમજ તા.૧૫.૦૫.૨૦૧૨ના રોજ મીટરનું લેબ પરિક્ષણ થતાં મીટર યોગ્ય જણાયેલ છે તેથી વધારાના ભરેલ રૂ.૨૨૭૫/- તેમના ખાતામાં જમાં કરી આપેલ છે. | શ્રી કે કે કગથરા ૯૯૦૯૯૩૪૫૧૫ | ગ્રામ્ય, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૧ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | શ્રી રત્નભાઈ કારાભાઈ ક્છટીયા ગામ-જુવાનપુર, તા. કલ્યાણપુર શ્રીમદ ભાગવત સપ્તાહ માટે ટેમ્પરરી કનેક્શનના ડિપોઝિટના રૂ.૬૦૦૦૦/- પરત આપવા અંગે. તથા રૂપિયા ૧૬૫૫૮/૧૯ પૈસા ના બિલ બાબતે. | અરજદારશ્રીની ટેમ્પરરી કનેકશનની ડિપોઝીટ પરત અંગેની અરજીના અનુસંધાને વિભાગીય કચેરી દ્વારા યોગ્ય ચકાસણી કરી ગ્રાહકને મળવાપાત્ર ડીપોઝીટની રકમ તા.૧૩/૦૮/૨૦૧૫ ના રોજ ચુકવવામાં આવેલ છે. | શ્રી એમ ડી પટેલ ૯૯૨૫૨૧૬૦૬૩ | ભાટીયા | દ્વારકા | જામનગર | નિકાલ | | |
| ૪૨ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | શ્રી મણિબેન વાલા મધુડિયા ગામ-જુવાનપુર, તા. કલ્યાણપુર ની નવા ખેતીવાડી કનેક્શન માટેની ૧૯૯૭ માં કરેલ અરજી બાબતે | સદર ગ્રાહકે સર્વે નં.૧૪૬ જુવાનપુર ગામે ૧૯૯૭માં નવું ખેતીવાડી કનેક્શન મેળવવા માટેની અરજી ભાટિયા પેટાવિભાગિય કચેરી ખાતે કરેલ હતી ત્યારબાદ તેમનો ક્રમ આવતા તેઓએ જુવાનપુરથી સિદસરા ગામે સર્વે નંબર બદલવા માટેની અરજી કરેલ. જે વડત્રા પેટાવિભાગિય કચેરી હેઠળ આવે છે. કંપનીના પ્રવર્તમાન નિયમાનુસાર નવા ખેતીવાડી વિજજોડાણ માટે કરેલ અરજી જે તે પેટાવિભાગિય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં જ અરજીનો સર્વે નંબર કે ગામ ફેરની દરખાસ્ત સ્વીકારી શકાય છે. આથી અરજદારશ્રીને તે જ પેટાવિભાગિય કચેરીના કાર્યક્ષેત્રમાં આવતા અન્ય કોઇ ગામના ખેતીવાડી સર્વે નંબરમાં સદર વિજજોડાણ આપી શકાય. | શ્રી એમ ડી પટેલ ૯૯૨૫૨૧૬૦૬૩ | ભાટીયા | દ્વારકા | જામનગર | નિકાલ | | |
| ૪૩ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | આહેર અરસી હરદાસ- મોવાણ, તા. ખંભાળીયા એ કરેલ નવા ખેતીવાડી વિજ જોડાણ માટે અરજી રૂ.૧૦૦/- તા.૦૫.૧૧.૧૯૮૯, રસીદ નં.૮૯૦૬૨ થી ભરેલા છે તેમનો એસપીએ સ્કીમમાં કયારે વિજ જોડાણ મળશે ? તેનો એસપીએમાં પ્રાયોરીટી નંબર કેટલામો છે. ? | જે બાબતની રજુઆત છે તે ૨૬ વર્ષ જુની છે. જે હાલમાં હાથ ધરી શકાય નહીં. અરજદારશ્રીને નવી અરજી કરવા વિનંતિ છે. હાલમાં વડત્રા પેટાવિભાગિય કચેરી ખાતે વર્ષ ૨૦૦૫-૦૬ ના અંદાજપત્રો પાઠવવામાં આવેલ છે. | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૪ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | શ્રી ભવાન હરજી-રામનગર તા. ખંભાળીયા ગ્રા.નં. ૩૨૦૦૨/૦૦૦૯૮ /૫ થી ૧૩ હો.પા.નુ ખેતીવાડી વિજજોડાણ ધરાવે છે. તેમ છતાં તા.૨૩.૦૯.૨૦૧૪ના રોજ ચેકીંગ દરમિયાન કુલ ૧૫ હો.પા. લોડ ગણી તે પ્રમાણે બીલ આપેલ છે તેનો વધારાનો લોડ ૨ હો.પા. ગણી શકાય. તેથી વધારાની ભરપાઈ થયેલ બીલની રકમ બાદ મળે કે કેમ ? અને તે કયારે મળશે ? | શ્રી ભવાન હરજી ૩૨૦૦૨/૦૦૦૯૮/૫ ના હો.પા. આધારીત વિજભાર કુલ ૧૩ હો.પા. છે ચેકીંગ સમયે ૭.૫ + ૭.૫ એમ કુલ બે મોટર જોડેલ માલુમ પડેલ. નિયમોનુસાર કરારીત વિજભાર સુધી એક જ મોટર ચલાવી શકાય. જેથી બીજી મોટર વધારાના વિજભાર તરીકે ગણતરી કરી લોડ વધારાનું બીલ નિયમોનુસાર આપેલ છે. | શ્રી એસ વાય પઠાણ ૯૮૭૯૨૦૧૮૩૧ | શહેર, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૪૫ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | શ્રી અરજણ ભીખા ગોજીયા-ઠાકર શેરડી, તા. ખંભાળીયા નવા ખેતીવાડી વિજ જોડાણનો ટીઆર ભરપાઈ થયા બાદ મીટર લગાડવા માટે કોઈ નીતી નિયમ કે સમય મર્યાદા ખરી કે કેમ ? | અરજદાર અરજણ ભીખા ગોજીયા, તા.ખંભાળીયા જેતે સમયે અરજદાર દ્વારા ખેતીવાડી વીજ જોડાણનુ એફ.કયુ. તા. ૧૦/૦૧/૨૦૦૭ રસીદ નં. ૨૦૦૫૮૩થી ૩૫૦૦૦/- રસીદ નં. ૧૨૭૫૭૩ તા. ૦૯/૦૨/૨૦૦૭ થી ગ્રામ્ય સબ ડીવીઝન ખંભાળીયા માં ભરપાઇ કરેલ છે. તથા ટેસ્ટ રીર્પોટ પણ રસીદ નં. ૨૧૫૭૯ તા. ૨૧/૦૨/૨૦૦૮ ના રોજ ગ્રામ્ય સબ ડીવીઝન ખંભાળીયામાં ભરપાઇ કરવામા આવેલ છે. સદર કેશ ફાઇલના નવા ડોકયુમેન્ટસ માટે અરજદારને મનસુખભાઇ ડી ચોપડા દ્વારા ટેલિફોનથી જાણ કરેલ. અરજદાર દ્વારા ડોકયુમેન્ટ જમા કરાવવામાં આવેલ છે. તે આપવાથી ફાઇલ ઓડીટ કરેલ છે અને કનેકસન રીલીઝ કરવામાં આવેલ છે. | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૬ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | શ્રી પ્રેમજી ખીમા નકુમ-સીધ્ધપુર તા. ખંભાળીયા ના નવા ખેતીવાડી વિજ જોડાણ રજી. ફી ભરપાઈ થયા તા.૧૯.૦૧.૧૯૯૧, જીપી નં. ૨૦૨૪ તેમની સાથે થયેલ નવા ખેતીવાડી વિજ જોડાણની અરજી જીપી નં. ૨૦૧૨ ને વિજ જોડાણ આપી દેવામાં આવેલ છે આ માટે અલગઅલગ નીતી નિયમો હોઈ શકે ? | સદર અરજદારને વડત્રા પેટાવિભાગિય કચેરી દ્વારા ખુંટતા કાગળ માટે પત્ર નં વીએસડી/ટેક/૧૮૭,તા.૧૧.૦૨.૨૦૧૦ થી પત્ર લખેલ પરંતુ અરજદાર દ્વારા કોઈપણ પ્રકારના ડોકયુમેન્ટ આપેલ ન હોવાથી તેમને નવુ વિજજોડાણ આપવાની કાર્યવાહી થઈ શકેલ નથી. હાલમા વડત્રા પેટા વિભાગમા ૨૦૦૪-૦૫ ના એફ.કયુ આપવાનુ કામ ચાલુ છે. ૨૦૧૦ મા જયારે ૧૯૯૧ ના કોટેશન અપાતા હતા ત્યારે તેમને વડત્રા પેટા વિભાગના પત્ર નં. વીએસડી/ટેક/૧૮૭ તા. ૧૧/૦૨/૨૦૧૦ મુજબ જરૂરી ખુટતા કાગળો રજુ કરવા જણાવેલ અને ડોકયુમેન્ટ વેરીફાય કરી અરજદારને વડત્રા પે.વિ. દ્વારા આઉટવર્ડ નં. ૩૫૯૪ તા. ૧૧/૯/૨૦૧૫ થી અંદાજપત્ર આપી ફરીયાદનું નિરાકરણ કરેલ છે. | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૭ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | શ્રી વિરજી ગોકળ નકુમ-બારાડી બેરાજા, તા. ખંભાળીયા એ નવા ખેતીવાડી વિજ જોડાણ રજી. ફી ભરપાઈ થયા તા.૨૬.૦૨.૧૯૯૪, જીપી નં.૪૮ થી નોંધાયેલ છે તેમને આ વિજ જોડાણ કયારે મળશે ? મોડું થવાનું કારણ શું ? | અરજદારશ્રી વિરજી ગોકળ દ્વારા તત્કાલ યોજના હેઠળ તા.૧૨.૦૪.૨૦૦૮ના રોજ કવોટેશન ભરેલ પરંતુ આ કિસ્સામાં અરજદાર દ્વારા ભાટીયા પેટાવિભાગિય કચેરી તરફથી વધારાની લાઈન લંબાઈનું અંદાજપત્ર જાવક નં.૧૪૫૪, તા.૧૫.૦૭.૨૦૦૮ થી આપેલ પરંતુ તે અંદાજપત્ર અરજદાર દ્વારા ભરપાઈ ન થતાં તેમને કનેકશન આપવાની કામગીરી થયેલ નથી. હાલ આ ગ્રાહક દ્વારા સમાન્ય યોજના હેઠળ વિજ કનેકશનની માંગણી કરેલ છે. તેથી તેની અરજી જાવક નં.વીએસડી/ટેક/૨૭૯૮, તા.૦૧.૦૬.૨૦૧૫ થી વિભાગીય કચેરીને મંજુરી માટે મોકલેલ જે ફાઈલ પુરક માહિતી માટે પરત આવતાં તે માહિતીના જવાબ રજુ કરી ફરીથી ફાઈલ જાવક નં.વીએસડી/ટેક/૩૧૦૮, તા.૧૩.૦૮.૨૦૧૫ થી મોકલેલ છે. જેની તાંત્રિક મંજુરી આવ્યા બાદ આ અરજદારને વિજ જોડાણ આપવાની કાર્યવાહી નિયમોનુસાર હાથ ધરવામાં આવશે. તેમજ અરજદાર શ્રી દ્વારા વડત્રા કચેરીનો તા. ૧૨/૦૮/૨૦૧૫ ના રોજ સંર્પક કરી પત્ર આપેલ છે. જે તેમને તત્કાલમા ભરેલ અંદાજપત્રની રકમ પરત જોઇતી નથી તેમજ તેમની સામાન્ય યોજના હેઠળની અરજીનુ જુનુ અંદાજપત્ર ભરવા સહમત છે. જે મુજબ તેને વડત્રા પેટાવિભાગ દ્વારા તા.૧૦/૯/૨૦૧૫ થી અંદાજપત્ર આપવામાં આવેલ છે. | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૮ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | ખેડુતો વિજ જોડાણોની અરજી જેવી કે, લોડ વધારો, ઘટાડો, શિફટીંગ તથા નામ બદલીની અરજીઓમાં ઈનવર્ડ નંબર નાખ્યા સિવાય તથા સર્વે ન થાય ત્યાં સુધી કચેરીમાં રાખી મુકવામાં આવે છે સદર કામગીરી નિયમ પ્રમાણે કરાવશો. | ખેતીવાડી વિજ જોડાણમાં લોડ વધારો, ઘટાડો, શિફટીંગ તેમજ નામ બદલી વિગેરે અરજીઓ ઈનવર્ડ નંબર નાખ્યા સિવાય પડી રહે છે તેવા કેઈસ ધ્યાને આવેલ નથી. તેમજ આ બાબતે તમામ પેટા વિભાગીય કચેરીઓને તકેદારી રાખવા જણાવવામાં આવેલ છે. તેમજ કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા સબ-ડીવીઝનની મુલાકાત વખતે પણ આવા પ્રશ્ન ન ઉદભવે તે માટે કાળજી રાખવા જણાવેલ છે. | તમામ નાયબ ઇજનેરશ્રી | તમામ સબ ડીવીઝન | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૪૯ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | ખંભાળીયા શહેર પે.વિ. ના વિસ્તાર વિકાસ સતા મંડળ (ખાડા) માં આવે છે આ વિસ્તારમાં વર્ષ-2013 સુધી બાંધકામની મંજુરી સરપંચશ્રીઓ, ગ્રામ પંચાયત દ્વારા આપવામાં આવેલ છે. સદર બાંધકામની મંજુરીવાળા મકાનોના દરસ્તાવેજ મામલતદાર કચેરીમાં રજી. થયા હોવા છતા વિજ જોડાણ લેવા ગ્રાહકો હેરાન થાય છે શા માટ ? | ખાડાના પરિપત્ર નં.ખાડા/ટેક/૨૦૧૨-૧૩/૩૧૮, તા.૧૨.૦૨.૨૦૧૩ અન્વયે ખાડાની સરંચના તા.૦૮.૦૮.૨૦૧૧ ના થઈ ગયેલ છે જેથી તા.૦૮.૦૮.૨૦૧૧ પછી ખાડામાં સમાવિષ્ટ ગામોમાં વિકાસની પરવાનગીઓનો અધિકાર માત્ર ખાડા પાસે જ હોવાથી સદર પરિપત્ર અનુસાર કાર્યવાહી કરવામાં આવે છે. વધુમાં અરજદારો દ્વારા ખુલ્લા પ્લોટનો દસ્તાવેજ રજુ કરવામાં આવે તેવા કિસ્સમાં બાંધકામની પરવાનગી તેમજ કમ્પ્લીશન સર્ટીફીકેટ રજુ કરવા જણાવવામાં આવે છે જયારે રહેણાંક બ્લોકનો દસ્તાવેજ રજુ કરવામાં આવે તેવા કિસ્સામાં જોડાણ અગ્રતાક્રમ પ્રમાણે ત્વરીત આપવામાં આવે છે. | શ્રી એસ વાય પઠાણ ૯૮૭૯૨૦૧૮૩૧ | શહેર, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૫૦ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | દરેક ગામે વિજ કંપની તરફથી હેલ્પર નિમણુંક કરવા માંગણી છે. | હેલ્પરની નિમણુંક કંપનીના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ ભૌગોલીક વિસ્તાર તાંત્રીક પરિબળ જેમ કે લાઈન નેટવર્ક તેમજ ટ્રાન્સફોર્મર સેન્ટર ની સંખ્યા અને વિજ-ગ્રાહકોની સંખ્યાને ધ્યાને લઈ કરવામાં આવે છે. | તમામ નાયબ ઇજનેરશ્રી | તમામ સબ ડીવીઝન | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૧ | જીલ્લામંત્રીશ્રી, ભારતીય કિસાન સંઘ-ખંભાળીયા | ખેતીવાડી લાઈનની કામગીરી કોન્ટ્રાકટરો દ્વારા થાય છે તે કામગીરીનું સુપરવિઝન કોના દ્વારા કરવામાં આવે છે? થયેલ કામગીરીની યાદી કે મેઝરમેન્ટ બુકો બીલોમાં આ સુપરવાઈઝરની કોઈ જવાબદારી ખરી ? | ખેતીવાડી ગ્રુપ તેમજ નવા ફીડરના લાઈનકામ કોટ્રાક્ટર દ્વારા કરવમાં આવે છે. જેનું સુપરવિઝન નિયત થયેલ લાઈન સ્ટાફ દ્વારા કરવામાં આવે છે. ઈનવેન્ટરી કામમાં સબંધિત સુપરવાઈઝરની સહી હોય છે થયેલ કામની ગુણવતા માટે પુરતી તકેદારી રાખવામાં આવે છે વધુમાં જણવવાનું કે, પેટાવિભાગીય કચેરી તથા વિભાગીય કચેરીના અધિકારીઓ દ્વારા કામની ગુણવત્તા ની યદેચ્છ તપાસ પણ કરવામાં આવે છે જે પૈકી લાઈનકામમાં ક્ષતિ જણાયેલ હોય તેવા કિસ્સામાં કોન્ટ્રાકટરને કંપનીના નિયમ મુજબ પેનલ્ટી તથા થયેલ કામની સુધારણા કરાવવામાં આવે છે. જ્યારે કસુરવાર સુપરવાઇઝર પર કંપનીના નિયમ મુજબ કાર્યવાહી કરવામા આવે છે. | તમામ નાયબ ઇજનેરશ્રી | તમામ સબ ડીવીઝન | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૫૨ | શ્રી વેજાણંદભાઇ અરશીભાઇ આંબલીયા – ખંભાળીયા (મો.૯૯૭૯૭૦૩૬૧૬) | સામાન્યકક્ષામાં ખેતીવાડી વિજજોડાણ મેળવવા માટે તા.૧૫.૦૨.૨૦૦૩ ના રોજ રશીદ નં.૧૯૧૧૬ થી અરજી કરેલ તે મળવા અંગે. | સદર અરજદાર દ્વારા માંગણી કરેલ વિજ જોડાણનું ગામ વડત્રા પેટાવિભાગમાં આવે છે. તેમજ હાલમાં વડત્રા પેટાવિભાગીય કચેરીમાં સામાન્ય યોજના હેઠળ વર્ષ ૨૦૦૬ના અંદાજપત્ર આપવાની કામગીરી ચાલે છે. વેજાણંદ અરશીના કિસ્સામાં દસ્તાવેજની પુર્તતા કરતાં તેઓને અંદાજપત્ર આઉટવર્ડ નં.૩૫૯૦/૧૦-૯-૨૦૧૫ થી આપવામાં આવેલ છે. | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૫૩ | શ્રી ચંદુભા રણુભા વાઢેર – સિદસરા (મો.૯૭૨૨૭૦૫૪૫૯) | પાવરચોરીના આપવામાં આવેલ પુરવણી વિજબીલ બાબત | સદર ગ્રાહક વડત્રા પેટાવિભાગીય કચેરીમાં આવે છે અને કોર્પોરેટ ચેકિંગ ડ્રાઇવમા તા.૫/૬/૨૦૧૫ ના રોજ સક્ષમ અધિકારી દ્વારા ચેકીંગસીટ નં.૫૦૪૮ થી ગ્રાહકને કલમ-૧૨૬ મુજબ રૂ.૩૫૪૫૫=૨૨ નું નિયમોનુસાર પુરવણી બીલ આપેલ છે તે બીલ અંગે ગ્રાહકને સમજણ પણ આપેલ છે અને આ બીલ નિયમોનુસાર ભરવાપાત્ર છે. તેવું પણ જણાવેલ છે. | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૪ | શ્રી સવદાસભાઇ એભાભાઇ દેથરીયા – કુવાડીયા | ખેતીવાડી વિજજોડાણ નં.૮૮૯૩૩-૦૦૧૧૪-૦ માં એલટી લાઇન ખરાબ થઇ ગયેલ હોઇ જરૂરી સમારકામ કરવા બાબત | આ ગ્રાહક વડત્રા પેટાવિભાગીય કચેરી હેઠળ આવે છે અને આ ગ્રુપની હળવા દબાણની લાઇન દરિયાઇ ખારાશ તેમજ વધારે પડતાં પવનને લીધે ખરાબ થઇ ગયેલ છે તેમજ સબ ડીવીઝનની ભૌગોલિક પરિસ્થિતિ મુજબ આ વિસ્તારમાં સમયાંતરે સમારકામની જરૂર પડે છે જે મુજબ આ ગ્રુપનું સમારકામ સાગરખેડુ યોજના અંતર્ગત પ્રોજેકટ નં.૭૯૨૬૮થી કરી આપવામાં આવેલ છે. | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૫૫ | શ્રી રસીકલાલ સી.રાઠોડ – સદસ્ય, ભાણવડ નગર પાલિકા (મો.૯૪૨૮૦૭૪૪૦ ૪) | સઇદેવરીયા ફીડર (ગરાશ વિસ્તાર) ને ભાણવડ પેટા વિભાગિય કચેરીમાં સમાવેશ કરવા બાબત | ભાણવડ પેટાવિભાગ હેઠળના આશરે ૧૫ જેટલા ગ્રાહકોને વેરાડ પેટાવિભાગના ફતેપુર એજી ફીડરનો વિજ પુરવઠો મળે છે. આ ગ્રાહકોને નજીકના ભાણવડ પેટાવિભાગમાં સમાવેશ કરવા માટે નવી લાઇન ઉભી કરવા માટે પ્રોજેકટ નં.૧૧૦૨૭૦ થી દરખાસ્ત બનાવવામાં આવેલ. જેની મંજુરી મળતાં સદર કામ ૦.૧ કીમી લાઇન ઉભી કરી પુર્ણ કરેલ છે. | શ્રી એચ બી ધડુક ૯૯૨૫૨૧૦૧૨૨ | ભાણવડ | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૫૬ | શ્રી રસીકલાલ સી.રાઠોડ – સદસ્ય, ભાણવડ નગરપાલિકા (મો.૯૪૨૮૦૭૪૪૦ ૪) | ભાણવડ શહેર (ટાઉન તથા રણજીતપરા) ફીડરની વિજલાઇન ઉપરથી ગ્રામ્ય વિજલાઇન ક્રોસીંગ દુર કરવા તથા ખેતીવાડીમાં રહેતા લોકોને નવા કનેકશનો શહેર ફીડરમાંથી આપવા બાબત. | ભાણવડ ટાઉન ફીડર તથા રણજીતપરા ટાઉન ફીડર દ્વારા ભાણવડ શહેરને વિજ પુરવઠો મળે છે આ ટાઉન ફીડર દ્વારા ભાણવડને શહેરને વિજ પુરવઠો મળે છે. આ ટાઉન ફીડરમાંથી રૂરલ ફીડરના બે ક્રોસીંગ આવે છે તે દુર કરવા માટે પ્રોજેકટ નં.૧૧૧૨૧૫ થી મંજુરીમા છે આ કામ દિવસ-૩૦ માં પુર્ણ કરવામાં આવશે. કંપનીના હાલના પ્રવર્તમાન નિયમાનુસાર શહેર ફીડરમાંથી ખેતીવાડીમાં રહેતા લોકોને નવા વિજકનેકશન આપી શકાય નહીં. | શ્રી એચ બી ધડુક ૯૯૨૫૨૧૦૧૨૨ | ભાણવડ | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૭ | શ્રી રસીકલાલ સી.રાઠોડ – સદસ્ય, ભાણવડ નગરપાલિકા (મો.૯૪૨૮૦૭૪૪૦૪) | ભાણવડ તાલુકાના મોરજર અને નવાગામમાં જ્યારે રીપેરીંગની કામગીરી ચાલતી હોય ત્યારે ફીડર ક્રોસીંગને લીધે ભાણવડ ટાઉનનો અમૂક વિસ્તાર બંધ કરવાની ફરજ પડે છે તે ન કરવો પડે તેવી વ્યવસ્થા કરવા બાબત | ભાણવડ ટાઉન ફીડર પરથી મોરઝર તથા નવાગામ એમ બે ફીડરો પસાર થાય છે અને તેમાં કુલ બે ક્રોસીંગ આવે છે જેને લીધે ક્રોસીંગમાં ટાઉન ફીડર બંધ કરવો પડે છે પરંતુ આ બંને ક્રોસીંગ દુર કરવા માટે પ્રોજેકટ નં.૧૧૨૧૫ થી દરખાસ્ત મુકેલ છે અને તે મુજબ ત્રણ ક્રોસીંગ દુર કરીને કામ પુર્ણ કરેલ છે. | શ્રી એચ બી ધડુક ૯૯૨૫૨૧૦૧૨૨ | ભાણવડ | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૫૮ | શ્રી હમીરભાઇ રણમલભાઇ ભાદરકા – કુવાડીયા (મો.૯૯૯૮૩૬૮૫૫૫) | સોનારડી ફીડરને ધીંગેશ્વર ફીડરમાં જોડવા તથા સોનારડી ફીડરના તાર બદલવા બાબત તથા ક્યારે બદલાશે તે સમયગાળો જણાવવા અંગે | સદર રજુઆતે ધીંગેશ્વર ફીડર પર લોડ પુરતા પ્રમાણમાં છે તેથી આ ફીડરમાં સોનારડી ફીડરને તાંત્રિક રીતે જોડી શકાય તેમ નથી. હાલ સોનારડી ફીડરમાં સમારકામની કામગીરી કરવા માટે કોન્ટ્રાકટ અપાઇ ગયેલ છે. હાલ આશરે ૭ કીમી જેટલો વિજ વાયર બદલાવેલ છે અને બાકીનું કામ પણ પુર્ણ કરવામાં આવેલ છે. | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૫૯ | શ્રી હમીરભાઇ રણમલભાઇ ભાદરકા – કુવાડીયા, મો. ૯૯૯૮૩૬૮૫૫૫ | ખંભાળીયા સબ-સ્ટેશનમાં ફરજ પરના કર્મચારીઓ ફોન ઉપાડતા નથી કે ફોન પર યોગ્ય જવાબ આપતા નથી | ૧૩૨ કેવી ખંભાળીયા સબ-સ્ટેશનમાં કુલ ૨૧ ફીડરો આવેલ છે. ફોન પર વ્યવસ્થિત જવાબ મળી રહે તે માટે જેટકો વિભાગીય કચેરીના ખંભાળીયાના કાર્યપાલક ઇજનેરશ્રી ને પણ જાણ કરેલ છે. | શ્રી એલ કે ખાનપરા | | ખંભાળીયા જેટકો | જામનગર | નિકાલ | | |
| ૬૦ | શ્રી હમીરભાઇ રણમલભાઇ ભાદરકા – કુવાડીયા (મો.૯૯૯૮૩૬૮૫૫૫) | ખેતીવાડી વિજજોડાણ માટે તા.૦૧.૦૩.૧૯૯૩ માં કરેલ અરજી અંતર્ગત હજુસુધી વિજજોડાણ મળેલ નથી. | અરજદારશ્રી વડત્રા પેટાવિભાગીય કચેરીના કુવાડીયા ગામના રહીશ છે અને તેમના દ્વારા આપેલ અરજી મુજબ વડત્રાના પ્રાયોરીટી રજીસ્ટર પર નામ ચેક કરતાં તા.૧/૩/૧૯૯૩ ની અરજીમાં તેમણે તા.૪/૩/૨૦૦૩ના રોજ રકમ ૫૦૦/- રસીદ નં.૨૨૫૩૨ થી ભરી અરજી તત્કાલ યોજનામાં સ્વીચઓવર કરેલ. તેમજ તે અન્વયે તેમના દ્વારા રકમ રૂ.૧૬૩૫૦/-, રસીદ નં.૭૨૩૦૩ તા.૨૦/૬/૨૦૦૩ થી તત્કાલ યોજનામાં ભરીને જુની ૧૯૯૩ની અરજી પર ગ્રા.નં.૮૮૯૩૩/૦૦૨૨૪/૩ થી વિજજોડાણ આપવામાં આવેલ છે. | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬૧ | શ્રી એલ.ડી.બોદર – સરપંચશ્રી, ભીંડા ગ્રામ પંચાયત (મો.૯૮૨૫૫૧૦૦૪ ૩) | ૧૧ કેવી ભીંડા એજી ફીડરમાંથી આવતા ભાણખોખરીના એજી કનેકશનોને ભાણખોખરી સબ-સ્ટેશનમાં સમાવેશ કરવા બાબત. | ૧૧ કે.વી. ભીંડા એજી ફીડર ભાડથર સબ-સ્ટેશનમાંથી નીકળે છે તેમાં કુલ ૧૯૯ ટ્રાન્સફોર્મર આવેલ છે અને તેનો કુલ લોડ ૩૧૮૦ કેવીએ છે, જે ટેકનીકલ રીતે ૨૦૮ એમ્પીયર થાય છે તેથી આ ફીડરનું બાયફરકેશન જરૂરી હોઇ, તેથી ભાણખોખરીના કુલ ૫૦ ટ્રાન્સફોર્મરને અલગથી એજી ફીડર આપવા પ્રોજેકટ નં.૧૧૧૩૬૫ થી મંજુરી મળતા પોલ ઉભા કરી બાયફરકેશનનું કામ પુર્ણ કરેલ છે | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૬૨ | શ્રી લાલજી દેવશી નકુમ – સરપંચશ્રી, ધરમપુર ગ્રામ પંચાયત | ખંભાળીયા ટાઉન પેટાવિભાગ માં નાઇટ શિફ્ટ ચાલુ કરવા બાબત | હાલમાં ખંભાળીયા ટાઉન પેટાવિભાગમાં નાઇટ શીફટ ચાલુ છે તથા ઇમરજન્સી સંજોગોમાં રાત્રે પણ વધારે સ્ટાફની મદદ લઇ ફોલ્ટ એટેન્ડ કરાવીને વિજપુરવઠો ચાલુ કરવામાં આવે છે તેમજ સાતત્ય પુર્ણ વિજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. | શ્રી એસ વાય પઠાણ ૯૮૭૯૨૦૧૮૩૧ | શહેર, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૬૩ | શ્રી લાલજી દેવશી નકુમ – સરપંચશ્રી, ધરમપુર ગ્રામ પંચાયત | ખંભાળીયા ટાઉન પેટાવિભાગમાં ચાર ગ્રામ પંચાયત માટે ૧૦ માણસો સાથેનો સ્ટાફ આપવા બાબત | ટાઉન પેટાવિભાગમાં ૩૮૬ કીમી. એલટી, ૩૨૧ કીમી એચટી તેમજ કુલ ૨૫૧૧૭ ગ્રાહકો છે તથા આશરે ૯૮૬ નંગ ટ્રાન્સફોર્મર છે અને તે રીતે નિયમોનુસાર સબડીવીઝનનેને સ્ટાફ ફાળવણી કરવામાં આવેલ છે જે ફાળવણી કંપનીના પ્રવર્તમાન નિયમાનુસાર ફાળવવમાં આવેલ છે. | શ્રી એસ વાય પઠાણ ૯૮૭૯૨૦૧૮૩૧ | શહેર, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬૪ | શ્રી લાલજી દેવશી નકુમ – સરપંચશ્રી, ધરમપુર ગ્રામ પંચાયત | ખંભાળીયા ટાઉન પેટાવિભાગ હેઠળ ૧૮ ફીડરો તથા ૨૯ હજાર ગ્રાહકો આવતા હોઇ કચેરીનું વિભાજન કરી નવી અલગ કચેરી શરૂ કરવા બાબત | પીજીવીસીએલના પ્રવર્તમાન નિયમાનુસાર પત્ર નં.પીજીવીસીએલ/પરિપત્ર/૫૬૮૪, તા.૧૬-૬-૨૦૧૫ મુજબ જરૂર જણાયે સબ-ડીવીઝનના વિભાજનની કામગીરી હાથ ધરવામાં આવતી હોય છે. હાલ ખંભાળીયા શહેર પેટાવિભાગિય કચેરી હેઠળ એચ.ટી.લાઈન ૩૨૧.૫ કી.મી ., એલ.ટી .લાઈન - ૩૮૬.૩૪ કી.મી., ટ્રાન્સફોર્મર -૯૮૬ નંગ, વિસ્તાર - ૩૭૫ ચો.કીમી, વાર્ષિક રેવન્યુ - ૨૩.૨૦ કરોડ અને વીજ ગ્રાહકો - ૨૫૧૧૭ છે. જે કંપનીના પ્રવર્તમાન નિયમાનુસાર ૧૫૦% ગ્રાહકો થતા ન હોવાથી હાલ આ સબ ડીવીઝન ઓફીસનું વિભાજન હાલના તબક્કે પ્રવર્તમાન ધારાધોરણ મુજબ શક્ય નથી. | શ્રી એસ વાય પઠાણ ૯૮૭૯૨૦૧૮૩૧ | શહેર, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૬૫ | શ્રી ગાંગા નારણ માતંગ – કેશોદ (મો.૯૯૦૯૪૯૪૫૯૮) | બીપીએલ અરજદારો શ્રી ગાંગા નારણ માતંગ, જેઠા નારણ માતંગ, લાખા ગાગા માતંગ, પ્રવિણ કરશન માતંગ દ્વારા વિજજોડાણ માટે અરજી કર્યાને આઠ મહિના થયા કનેકશનો મળેલ નથી. | આ અરજદારની અરજી અન્વયે આ અરજદારો વડત્રા પેટાવિભાગ હેઠળના કેશોદ ગામના છે અને તેમનો રેકોર્ડ તપાસ કરતાં હાલની પરિસ્થિતિએ કોઇ અરજી નોંધણી કરાયેલ જણાયેલ નથી સદર અરજદારોને વડત્રા પેટાવિભાગ દ્વારા જણાવેલ છે કે સરકારી બીપીએલ લાભાર્થી તરીકે તાલુકા વિકાસ અધિકારીશ્રી તરફથી પ્રમાણપત્ર મળ્યે વિજજોડાણ અરજદારશ્રીઓને ત્વરીત આપવામાં આવશે. | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬૬ | શ્રી ફિરોઝ અબુ ખફી – કંચનપુર (૯૭૨૫૮૧૪૧૧૭) | તા.૧૯.૦૫.૨૦૧૫ના રોજ થયેલ ચેકીંગ અન્વયે આપેલ પાવરચોરીના પુરવણી બીલ બાબત તથા ચેકીંગશીટ મળેલ નથી. | તા.૧૯/૫/૨૦૧૫ ના રોજ કોર્પોરેટ વિજચેકીંગ દરમિયાન જુનીયર ઇજનેરશ્રી ખસીયા દ્વારા ચેકીંગ શીટ નં.૫૨૫૧૪ થી ચેકીંગ કરેલ અને ગ્રાહક દ્વારા વધારાની પેરેલલ સર્વિસ સ્થળ પર માલુમ પડેલ અને તે સર્વિસમાં સ્પાર્કના નિશાન હોય તે અન્વયે કલમ-૧૨૬ હેઠળ પુરવણીબીલ આપેલ અને તે બીલની રકમ ભરવાની રજુઆત અરજદાર દ્વારા કરેલ. તેમજ આ વ્યકિતને કોઇપણ કારણસર ચેકીંગશીટ આપવાનું રહી ગયેલ, તેથી હવે ચેકીંગશીટ આ અરજદારને આપેલ છે. | શ્રી કે કે કગથરા ૯૯૦૯૯૩૪૫૧૫ | ગ્રામ્ય, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૬૭ | શ્રી ધનાભાઇ દેવરાજભાઇ તથા પુંજાભાઇ દેવરાજભાઇ – નવા સીદસરા (ઉદેપુર) (મો.૯૯૭૪૧૩૯૨૨૩) | દાત્રાણા વાડી વિસ્તારમાં ગાંગારામની વાડીએથી આખી ૧૧ કેવી લાઇન સમારકામ કરવા બાબત તથા ૩૨ કનેકશનો માટે અલગથી ૧૧ કેવી લાઇન કરવા બાબત. | ઉદેપુર ગામના કુલ ૩૨ કનેકશન ૧૧ કે.વી. હંજરાપર ખેતીવાડી ફીડરમાં જોડાયેલ હતા જેમાં હંજરાપર, ટીટોડી, સોનારડી વગેરે ગામોને આ ફીડરથી ખેતીવાડી વિજપુરવઠો મળે છે તેમજ તેની અલગ ફીડરની માંગણી સર્વે કરતાં તાંત્રિક રીતે શકય નથી પરંતુ સદર ગ્રાહકોને તેમની માંગણી મુજબ ૧૧ કેવી ઉદેપુર એજી ફીડરમાં પ્રોજેકટ નં.૧૦૩૬૪૭ થી જોડેલ છે | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૬૮ | શ્રી ધનાભાઇ દેવરાજભાઇ તથા પુંજાભાઇ દેવરાજભાઇ – નવા સીદસરા (ઉદેપુર) (મો.૯૯૭૪૧૩૯૨૨૩) | હંજરાપર ફીડર માં સમારકામ કરવા બાબત. | ૧૧ કેવી હંજરાપર ફીડરમાં મેઘપર ટીટોડી, ધંધુસર, સોનારડી, હંજરાપર વગેરે ગામોનો વાડી વિસ્તારનો સમાવેશ થાય છે તેમજ આ ખેતીવાડી ફીડરમાં વધારે પવન તથા કોસ્ટલ એરીયાને હીસાબે વારંવાર સમારકામ કરવાની જરૂર પડતી હોવાથી આ ફીડર માટે પ્રોજેકટ નં.૧૦૩૬૪૭ થી મંજુરી મળેલ હોય તે અન્વયે નવા ૭૫ પોલ, ૭.૫ કીમી કન્ડકટર, ૫૦ ઘાય સેટ, ૧૫૦ અર્થિંગ, ૪૦ પોલ સીધા, ૨ ટીસી સેટ ઉભા કરી કામ પુર્ણ કરેલ છે. | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬૯ | શ્રી ધનાભાઇ દેવરાજભાઇ કણજારીયા – નવા સીદસરા (ઉદેપુર) (મો.૯૯૭૪૧૩૯૨૨૩) | નવા સીદસરા (ઉદેપુર) ગામે આવેલ એજી ગ્રુપનું જરૂરી સમારકામ કરવા બાબત | આ કુલ ૩૨ ગ્રાહકો ઉદેપુર ગામના છે તેમજ તેનું બીલીંગ પણ વડત્રા પેટાવિભામાં થાય છે અને આ ખેતીવાડી વિસ્તારના સમારકામ માટે પ્રોજેકટ નં.૭૯૨૬૮ થી દરખાસ્ત તૈયાર કરેલ અને તે મુજબ સદર કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૭૦ | શ્રી લખધીરસિંહ હનુભા જાડેજા – પ્રમુખશ્રી, તાલુકા પંચાયત, ખંભાળીયા (મો.૯૯૭૪૯૧૧૧૧૧) | મોટા માંઢા ગામના પીપરીયા વાડી વિસ્તારમાં ૭૦ જેટલા રહેણાંક મકાન આવેલ છે. તેઓએ એજીઆરએલ કનેકશનો મેળવવા અરજીઓ કરેલ છે તો તાત્કાલીક વિજકનેકશનો મળવા બાબત. | સદર સ્થળ પર તપાસ કરતાં ૧૨ થી ૧૫ જેટલાં અરજદારો છુટા છવાયા સરકારી ખરાબામાં મકાન બનાવીને રહે છે. કંપનીના નિયમાનુસાર સરકારી ખરાબામાં વિજકનેકશન મેળવવા માટે તાલુકા વિકાસ અધિકારીનો ભલામણ પત્ર રજુ થયે વિજજોડાણ આપવાની કાર્યવાહી અગ્રતાક્રમે કરવામાં આવશે | શ્રી કે કે કગથરા ૯૯૦૯૯૩૪૫૧૫ | ગ્રામ્ય, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૭૧ | શ્રી હરદાસભાઇ ખીમાભાઇ ચાવડા – ભીંડા (મો.૯૯૯૮૩૦૯૫૪૯) | ભીંડા ગામે ગૌશાળાની બાજુમાંથી પસાર થતી એજી વિજલાઇનમાં જરૂરી સમારકામ કરવા બાબત. | ભીંડા ગામે ગૌશાળાની બાજુમાં આવેલ ખેતીવાડી ફીડરની નડતરરૂપ લાઇનને દુર કરવા માટે પ્રોજેકટ નં.૧૦૩૬૬૦ થી દરખાસ્ત તૈયાર કરવામાં આવેલ અને તે અનુસાર સદર કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૭૨ | શ્રી હરદાસભાઇ ખીમાભાઇ ચાવડા – ભીંડા (મો.૯૯૯૮૩૦૯૫૪૯) | વિજફોલ્ટ રીપેરીંગ સમયસર થતું નથી તથા ખોટા બહાના કાઢે છે. | હાલમાં વડત્રા પેટાવિભાગમાં કુલ ૧૪૨૮ કીમી. એચટી લાઇન, ૭૫૨ કીમી. એલટી લાઇન તથા ૪૨૭૦ જેટલાં ટ્રાન્સફોર્મર આવેલ છે. તેમજ આશરે કુલ ૧૫૦૮૯ ગ્રાહકો છે તેમજ ભોગોલિક રીતે વડત્રા પેટાવિભાગનો એરીયા વધારે છે અને ચોવીસ કલાક વડત્રા પેટાવિભાગમાં સ્ટાફ દ્વારા ફોલ્ટ રીપેર કરવામાં આવે છે. આમ છતા વિજફોલ્ટ સત્વરે રીપેર કરવા નાયબ ઇજનેરશ્રી વડત્રા પેટાવિભાગને સુચના આપવામાં આવેલ છે. | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭૩ | શ્રી વેજાણંદભાઇ જેશાભાઇ ચુડાસમા – લાલુકા (મો.૯૯૧૩૦૨૯૧૯૫) | ખેતીવાડી ભાડથર ફીડરના તાર બદલવા અંગે તા.૦૯.૦૪.૨૦૧૪ ના રોજ રજુઆત કરેલ છે પરંતુ કામ થયેલ નથી તે બાબત. | ૧૧ કેવી ભાડથર એજી ફીડરમાં વધારે પવન તથા દરિયાઇ ખારાશને લીધે સમયાંતરે સમારકામ કરવાની જરૂર પડે છે તેમજ આ ફીડરનો પ્રોજેકટ નં.૧૦૩૬૩૫ છે તે મુજબ કોન્ટ્રાકટરને કામ પણ આપેલ છે અને તે મુજબ આ ફીડરમાં ૧૮ નવા પોલ તેમજ પોલીમરના ૧૫ વી-ક્રોસ આર્મ, ૧૦૦ અર્થિંગ, ૧ ટીસી સેટ તથા ૨૦ જેટલા રી-સ્ટ્રીંગીંગ કરીને આ પ્રોજેકટનું કામ પુર્ણ કરેલ છે. | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૭૪ | શ્રી નંદાણીયા લાખાભાઇ ગગાભાઇ નંદાણીયા – કોલવા વાડી વિસ્તાર, તા.ખંભાળીયા (મો.૯૮૭૯૫૦૯૭૩૫) | એજીઆરએલ વિજજોડાણ મેળવવા માટેની રકમ ભરવા છતાં વિજજોડાણ મળેલ નથી. | આ અરજદાર દ્વારા ઘર વપરાશના અંદાજપત્રના રૂ.૩૫૦૦/- રસીદ નં.૭૬૯૨૮૦, તા.૨૪/૫/૨૦૧૧ થી તથા ડીપોઝીટ રૂ.૩૫૧/- રસીદ નં.૭૬૯૨૮૧ થી ભરેલ છે, પરંતુ આ ખેતીવાડી લાઇનના રૂપીયા ભરપાઇ થયા બાદ લાઇન ઉભી કરવા જતાં બાજુના ખેતરના માલિકશ્રી ભીખા જેઠા નંદાણીયા દ્વારા લાઇન ઉભી કરવા માટે વાંધો ઉઠાવતાં આ અરજદારને ખેતીવાડી ઘરવપરાશનું વિજજોડાણ આપવામાં આવેલ નથી પરંતુ સ્થળ તપાસ કરી વિજજોડાણ આપવા અંગેની જરૂરી મંજુરી લઇ કામ પુર્ણ કરેલ છે. | શ્રી કે કે કગથરા ૯૯૦૯૯૩૪૫૧૫ | ગ્રામ્ય, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૭૫ | શ્રી પ્રતાપભાઇ શાંતિલાલ કોઇચા – શક્તિનગર, મુ.ખંભાળીયા મો. ૯૭૨૩૩૬૨૨૭૮ | વિજપોલ નજીક આવેલ ઝાડ નડતરરૂપ હોઇ જરૂરી ટ્રી-કટીંગ કરવા બાબત. | તા.૨૧/૦૮/૨૦૧૫ના અરજદારની અરજી અત્રેની કચેરીએ મળેલ છે સદર ફરીયાદ અન્વયે નડતરરૂપ ઝાડની ડાળીઓ કાપી ફરિયાદનું નીરાકરણ કરવામાં આવેલ છે. | શ્રી એસ વાય પઠાણ ૯૮૭૯૨૦૧૮૩૧ | શહેર, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |
| ૭૬ | શ્રી રણજીતસિંહ શિવુભા જાડેજા – વચલાબારા મો. ૯૭૨૫૭૫૬૨૯૨ | ખેતીવાડી વિજજોડાણના કવોટેશનની રકમ તા.૩૦.૦૪.૨૦૧૫ના રોજ ભરપાઇ કર્યા બાદ પણ હજુસુધી વિજજોડાણ મળેલ નથી. | અરજદારના કનેકશન માટે જરૂરી પોલ ઉભા કરી લાઇનકામ પુર્ણ કરેલ છે અને અરજદારશ્રીનું નવું વિજ જોડાણ ચાલુ કરી આપવામાં આવેલ છે. | શ્રી એન એચ શાહ ૯૯૨૫૨૧૦૦૫૧ | વડત્રા, ખંભાળીયા | ખંભાળીયા | જામનગર | નિકાલ | | |